આજ તારીખ :-૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંકઃ એસ.બી/ CET-પરીક્ષા /૫૭/૨૦૨૫"કોમન એન્ટ્રન્સ ટેસ્ટ CET"-૨૦૨૫ની પરીક્ષા આગામી તા.૨૨/૦૩/૨૦૨૫ શનિવાર ના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૩/૩૦ દરમ્યાન સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

પ્રતિબંધિત કૃત્યોની યાદી

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક.

અ.નં	પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ)
	વરાછા
૧	શ્રી,આઇ,પી સવાણી હાઇસ્કુલ યુનિટ-૦૧ વર્ષા સોસા. માતાવાડી એલ.એચ રોડ
૨	સુમન હાઇસ્કુલ નંબર-૨ મોહનભાઈની ચાલ માતાવાડી સુરત
૩	આદર્શ વિદ્યાલય ભરત નગર સોસા શેરી-૩ એલ.એચ.રોડ સુરત
૪	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૧ એ.કે.રોડ વરાછા
૫	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૨ એ.કે.રોડ વરાછા
૬	જય અંબે વિદ્યા ભવન યુનિટ-૧ ડાહ્યા પાર્ક સોસા. એલ.એચ. રોડ વરાછા સુરત
૭	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા યુનીટ-૦૧ BRTS રોડ સીમાડા નાકા, સુરત
૮	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા યુનીટ-૦૨ BRTS રોડ સીમાડા નાકા, સુરત
	સરથાણા
૯	હરેક્રિષ્ના વિધાલય, યુનીટ-૦૧ પુણાગામ શિવદર્શન સોસા., સીમાડારોડ, સુરત
૧૦	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૧, પ્રમુખ છાયા સોસા.ની સામે, યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત
૧૧	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૨ પ્રમુખ છાયા સોસા.ની સામે, યોગી ચોક થી પુણા ગામ રોડ, સુરત
	કાપોદ્રા
૧૨	એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા, કાપોદ્રા પો.સ્ટે.ની બાજુમાં સુરત
	ઉધના
૧૩	શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૧ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત
૧૪	તારાવિદ્યા મંદિર હાઇસ્કુલ, રણછોડ નગર સોસા. જીવનજ્યોત સીનેમાની પાછળ ઉધના સુરત
૧૫	સનરેઈઝ વિદ્યાલય, યુનિટ-૧, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત
	લસકાણા
૧૬	જે.બી. એન્ડ કાર્પ વિધ્યાસંકુલ ઠાકોર દ્વારની સામે, લસકાણા સુરત.
	લિંબાયત
૧૭	કરૂણા સાગર હિન્દી વિદ્યાલય યુનીટ-૧ અવધૂત સોસાયટી, ડુંભાલ, પર્વત પાટિયા,
૧૮	સુમન હાલસ્કુલ નં-૦૫ જવાહર નગર ઉધના યાર્ડ લીંબાયત
૧૯	સાર્વજનિક હાઈસ્કુલ, યુનીટ-૧ નીલગીરી સર્કલ નવાનગર લીંબાયત
૨૦	સાર્વજનિક હાઈસ્કુલ, યુનીટ-૨ નીલગીરી સર્કલ નવાનગર લીંબાયત
૨૧	માં જસુજીત વિદ્યાલય યુનિટ-૧ લીંબાયત ઉધના યાર્ડ, સુરત.

૨૨	માં જસ્જીત વિદ્યાલય યુનિટ-૨ લીંબાયત ઉધના યાર્ડ, સુરત.
૨૩	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૧ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૨૪	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૨ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૨૫	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૩ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૨૬	જ્ઞાનસાગર હિન્દી હાઇસ્કુલ વૃદાવન નગર ડીંડોલી સુરત
	ગોડાદરા
૨૭	જ્ઞાનજયોત વિદ્યાલય યુનિટ-૧ ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત
૨૮	જ્ઞાનજયોત વિદ્યાલય યુનિટ-૨ ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત
	ડીડોલી
૨૯	સન રાઈઝ વિદ્યાલય ગુ.મી. રામીપાર્ક સોસા. ડીડોલી સુરત.
૩૦	સુમન હાઇસ્કુલ નં-૮ ગુજરાતી મિડીયમ ગાયત્રીનગર ડીંડોલી સુરત
૩૧	શાંતીનીકેતન આઇડીએલ એકેડમી ડીંડોલી રોડ ઉધના સુરત
૩૨	માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૧ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત
૩૩	માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૨ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત
૩૪	શ્રી જવાહર વિદ્યાલય સણીયા કણદે ડીડોલી સુરત.
	ચોકબજાર
૩૫	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત
૩૬	શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૧, સીંગણપોર કોઝવે રોડ સુરત.
	કતારગામ
૩૭	ગુરૂકુલ વિધાપિઠ NV ધમણવાલા ગુ.મી. સ્કુલ, કતારગામ GIDC
૩૮	ગુરૂકુળ વિધાપિઠ VTC કન્યા વિદ્યાલય, GIDC સુમુલ ડેરી રોડ સુરત
૩૯	શ્રીમતિ વી.ડી.એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૧ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ
	લાલગેટ
૪૦	ફૈઝ એ ચક્કીવાલા ગર્લ્સ હાઇસ્કુલ મુગલીસરા સુરત
	ઉમરા
૪૧	એસ.વી.પી. માધ્યમીક શાળા લેકવ્યુ ગાર્ડન સામે, પીપલોદ, સુરત
૪૨	સર વી ડી ટી ગર્લ્સ હાઇસ્કુલ યુનિટ-૧ વનિતાવિશ્રામ, અઠવાલાઇન્સ, સુરત
	અઠવા
૪૩	સિમ્ગા હાઈસ્કુલ (ગુજરાતી મીડીયમ) ક્ષેત્રપાલના મંદિર પાસે,સગરામપુરા સુરત,
૪૪	આર.ડી.કોન્ટ્રાક્ટર હાઇસ્કુલ, નાનપુરા પોસ્ટ ઓફીસની સામે નાનપુરા, સુરત
૪૫	શ્રીમતી કે.એલ.એસ.ખાંડવાલા સાર્વજનીક હાઇસ્કુલ ચૌટા બજારની બાજુમાં
	ખટોદરા
૪૬	આઇ.જી. દેસાઇ વિદ્યાલય યુનિટ-૧ ભટાર ચાર રસ્તા, સુરત
	પાંડેસરા
૪૭	શારદા વિદ્યામંદીર ગોપાલ નગર પાંડેસરા, સુરત
૪૮	નવદિપ વિદ્યાલય માધ્યમીક શાળા ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત
૪૯	નવ સર્જન વિદ્યાલય ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત
૫૦	શ્રી કૈલાસ માનસ વિદ્યામંદિર (ગુ.મા), જીયાવ બુડિયા રોડ,ભેસ્તાન સુરત.
૫૧	ભાગ્યોદયા વિદ્યાલય ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે ભેસ્તાન સુરત
૫૨	સરસ્વતી હિન્દી વિધાભવન વડોદ ભેસ્તાન બુડીયા રોડ સુરત

ભેસ્તાન	
૫૩	ઇકરા ઇંગ્લીશ યુનિટ-૦૧,ઇદગાહ રોડ ઉનગામ સુરત
૫૪	ઇકરા ઇંગ્લીશ યુનિટ-૦૨ ઇદગાહ રોડ ઉનગામ સુરત
૫૫	સીમગા ઇંગ્લીસ સ્કુલ, રાહત સોસા. ઉન પાટીયા સુરત
સચીન	
૫૬	એલ.ડી. હાઇસ્કુલ યુનિટ-૧, સ્ટેશન રોડ સચીન સુરત
૫૭	એલ.ડી. હાઇસ્કુલ યુનિટ-૨, સ્ટેશન રોડ સચીન સુરત
૫૮	સનલાઇટ વિધાલય, યુનિટ-૧ પ્લોટ-૪/કે-૪/બી ગુજરાત સ્લમ ક્લીયરંસર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સચીન
રાંદેર	
૫૯	એમ.એમ.પી. હાઇસ્કુલ બોટલાવાલા માર્ગ, રાંદેર
૬૦	સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., યુનીટ-૧ પાલનપુર પાટીયા, સુરત
૬૧	સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., યુનીટ-૨ પાલનપુર પાટીયા, સુરત
અડાજણ	
૬૨	શ્રીમતી એલ એન બી દાળીયા હાઇસ્કુલ કવિ કલાપી ગાર્ડન પાસે, ગેસ કંપની સામે, અડાજણ,
૬૩	એલ. એચ. બોધરા સ્કુલ યનિટ-૧, શ્રીરામ પેટ્રોલ પંપ સામે, નાગરદાસ હોલની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત
૬૪	શ્રીમતી આઇ.એન.ટેકરાવાલા હાઇસ્કુલ યુનિટ-૧ પાલનપુરા પાટીયા અડાજણ
૬૫	શ્રીમતી આઇ.એન.ટેકરાવાલા હાઇસ્કુલ યુનિટ-૨ પાલનપુરા પાટીયા અડાજણ
પાલ	
૬૬	ભૂલકા વિહાર શાળા, ગુજરાતી મિડીયમ, યુનીટ-૧ ભાઠા નવી પો.સ્ટ. ઓફીસ પાસે, પાલ, સુરત
ઉત્રાણ	
૬૭	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉત્રાણ સુરત
૬૮	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉત્રાણ સુરત
૬૯	અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૧, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા, સુરત
૭૦	શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, યુનિટ-૧ સુરત.
૭૧	શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, યુનિટ-૨ સુરત.
૭૨	ડો.એ.એમ.મૌલા હાઈસ્કૂલ, કઠોર, સુરત.
અમરોલી	
૭૩	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૧ નવો કોસાડ રોડ અમરોલી
૭૪	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી
૭૫	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૨, ઉત્રાણ, અમરોલી
૭૬	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિધ્યાલય યુનિટ-૧ અમરોલી
૭૭	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિધ્યાલય યુનિટ-૨ અમરોલી

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૭૭ કેન્દ્રો છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોક્ત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૩/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ ::-

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૫૮/૨૦૨૫.-સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) કોઇપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લાવવા-લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઇની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઇ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પથ્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૪/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૬/૦૪/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :-૨૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૫૯/૨૦૨૫.-સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશ્નરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૪/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૬/૦૪/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશનર
સુરત શહેર

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઇ.બી./અભિપ્રાય/૬૭૧/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૭/ ૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ-૧ થી ભરૂચ જિલ્લાનાં દહેજ તેમજ અંક્લેશ્વર, પાનોલી તેમજ ઝગડીયા ખાતે મોટો ઔદ્યોગિક વિસ્તાર આવેલ હોય મોટા પ્રમાણમાં કંપનીનાં કર્મચારીઓને લેવા-મુકવા માટે કંપનીની તથા અન્ય ખાનગી બસો આવતી હોય અને સદર બસો કર્મચારીઓને લેવા-મુકવા રોડ પર ગમે ત્યાં ઉભી રહી જતી હોય, જેના લીધે ટ્રાફિક જામની સમસ્યા વધતી જતી હોય જેથી નીચે જણાવેલ સ્થળ (પોઇન્ટ) ઉપર જ કર્મચારીઓને લેવા-મુકવા કંપનીની બસો/ખાનગી બસો ઉભી રહે તો ટ્રાફિક સમસ્યા ઘણી બધી ઘટી શકે તેમ છે. જેથી નીચે જણાવેલ પોઇન્ટ ઉપર જ કર્મચારીઓને લેવા/મુકવા માટે બસ ઉભી રહે અને તે સિવાયનાં કોઇપણ પોઇન્ટ પર બસ ઉભી ન રહે તે બાબતે નીચે જણાવેલ પોઇન્ટ ઉપર જ કર્મચારીઓને લેવા-મુકવા માટે કંપનીની/ખાનગી બસો ઉભી રહે તે સિવાયનાં કોઇપણ પોઇન્ટ ઉપર બસો ઉભી ન રહે તે બાબતે કાયમી જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજૂઆત કરેલ છે.

ખાનગી કંપનીનાં કર્મચારીઓને અપડાઉનની બસો માટેનાં સ્ટેન્ડ:-

(૧) દહેગામ બાયપાસ પાસે બન્ને સાઇડ

(૨) જંબુસર બાયપાસ બ્રીજ નીચે

(૩) મનુબર ચોકડી પાસે બન્ને સાઇડ

(૪) મઢુલી સર્કલ પાસે બન્ને સાઇડ

(૫) એ.બી.સી. સર્કલ પાસે બન્ને સાઇડ

(૬) ઉમીયા અન્નપૂર્ણા હોટલ (ઝાડેશ્વર ચોકડી) પાસે ઉતરવા માટે

(૭) સ્વામિનારાયણ મંદિર (ઝાડેશ્વર ચોકડી) પાસે ચઢવા માટે

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૧/૦૩/૨૦૨૫ થી ભરૂચ જિલ્લાનાં દહેજ તેમજ અંક્લેશ્વર, પાનોલી તેમજ ઝગડીયા ખાતે આવેલ કંપનીઓનાં કર્મચારીઓને લેવા-મુકવા માટે અવર-જવર કરતી કંપનીની તથા અન્ય ખાનગી બસો ઉપરોક્ત જણાવેલ સ્થળ (પોઇન્ટ) ઉપર જ ઉભી રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

વાંચ્યો:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઇ.બી./અભિપ્રાય/૬૭૦/૨૦૨૫.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૮/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે આમુખ-૧ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની જાહેર પરીક્ષા યોજાનાર હોય સદરહું પરીક્ષાના પેપેર દરમિયાન પરીક્ષાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી રહે તથા તમામ પરીક્ષાર્થીઓને પોતાનાં કેન્દ્ર ઉપર સમયસર પહોંચવા માટે અનુકૂળતા રહે તે માટે હેવી વ્હીકલ/ગુડ્સ કેરેજ (એસ.ટી બસ, કંપની પેસેન્જર બસ, સ્કુલ બસ સિવાયના) માટે નર્મદા ચોકડીથી દહેગામ બાયપાસ સુધી તથા દહેગામ બાયપાસથી નર્મદા ચોકડી સુધી સવારનાં ૦૫:૦૦ કલાકથી રાત્રિનાં ૦૯:૦૦ કલાક સુધી તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી ભારે વાહનો માટે રસ્તો બંધ કરવા તથા સદર સમય દરમિયાન ઉપરોકત ભારે વાહનો માટે નીચે મુજબનો રૂટ ડાયવર્ઝનનો અભિપ્રાય આપેલ હોય જેથી નર્મદા ચોકડીથી દહેગામ બાયપાસ સુધી તથા દહેગામ બાયપાસથી નર્મદા ચોકડી સુધી સવારે ૦૫:૦૦ કલાકથી

રાત્રિનાં ૦૯:૦૦ કલાક સુધી તા.૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી રસ્તો બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત રજૂ કરેલ છે.

રૂટ ડાયવર્ઝન:-

(૧) દહેજથી વડોદરા તરફ જવા-આવવા માટે રૂટ ડાયવર્ઝન:-

- દહેજ ટાઉન, આમોદ ચોકડી, કડોદરા ચોકડી, મુલેર ચોકડી, આમોદ, સરભાણ ચોકડી

(૨) દહેજથી સુરત તરફ જવા-આવવા માટે રૂટ ડાયવર્ઝન:-

- દહેજ, રહીયાદ, પખાજણ, વાગરા, વિલાયત, દેરોલ, દયાદરા, નબીપુર

(૩) વિલાયતથી વડોદરા/સુરત તરફ જવા-આવવા માટે રૂટ ડાયવર્ઝન:-

- વિલાયત ચોકડી, દેરોલ, દયાદરા, નબીપુર

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ- ૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી હેવી વ્હીકલ/ગુડ્સ કેરેજ (એસ.ટી.બસ, કંપની પેસેન્જર બસ, સ્કુલ બસ સિવાયનાં) માટે નર્મદા ચોકડીથી દહેગામ બાયપાસ સુધી તથા દહેગામ બાયપાસથી નર્મદા ચોકડી સુધી સવારે ૦૫:૦૦ કલાકથી રાત્રિનાં ૦૯:૦૦ કલાક સુધી રસ્તો બંધ કરવા તથા સદર સમય દરમિયાન ભારે વાહનો માટે ઉપરોક્ત જણાવ્યા મુજબનાં રૂટ પર વાહનો ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૮, તા.૨૭/૦૨/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./અભિપ્રાય/૭૧૩/૨૦૨૫, તા.૦૧/૦૩/૨૦૨૫

સુધારા હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૧૯૪/૨૦૨૫.-આમુખ-૧ થી અત્રેથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. આમુખ-૨થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં જાહેર જનતાનાં હિત સારૂ (૧) દુધનાં વાહનો, શાકભાજીનાં વાહનો તથા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લઇ જતા-આવતા વાહનોને અવર-જવરની મંજુરી આપવા તથા (૨) નર્મદા ચોકડીથી ભોલાવ જી.આઇ.ડી.સી.માં તથા ભોલાવ જી.આઇ.ડી.સી.થી નર્મદા ચોકડી સુધી ભારે વાહનો/ગુડ્સ કેરેજ વાહનોને અવર-જવર કરવા મંજુરી આપવા બાબતે દરખાસ્ત કરેલ છે.

આથી, આમુખ-૨ ની દરખાસ્ત અન્વયે ઉપરોક્ત વિગતેની મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ સંદર્ભે આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૦૧/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૧૪૭, તા.૨૭/૦૨/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલ.આઇ.બી./અભિપ્રાય/૭૧૪/૨૦૨૫, તા.૦૧/૦૩/૨૦૨૫

સુધારા હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૧૧૯૫/૨૦૨૫.-આમુખ-૧ થી અત્રેથી ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ. આમુખ-૨થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા આમુખ-૧ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામામાં જાહેર જનતાનાં હિત સારૂ (૧) ક્રોમા સેન્ટર, દહેજ બાયપાસ રોડ પાસે બન્ને સાઇડનો પોઇન્ટ (સ્ટેન્ડ) નો ઉમેરો કરવાબાબતે દરખાસ્ત કરેલ છે.

આથી, આમુખ-૨ ની દરખાસ્ત અન્વયે ઉપરોક્ત વિગતેની મંજુરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

આ સંદર્ભે આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આજ રોજ તા.૦૧/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ગૌરાંગ મકવાણા,
જીલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/રજી.નં.૨૦/વશી.૧૬૩૬ થી ૧૬૮૭/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./ પરીક્ષા /૨૦૨૪-૨૫/ ૬૨૬૬ તા.૧૭/૦૨/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ.એસ.સી અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા યોજાનાર છે. ઉક્ત પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સામેલ પરિશિષ્ટ-A,B,C અને D માં જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષમાં મશીનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

વાસ્તે, હું નૈમેષ દવે, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન પરિશિષ્ટ-A,B,C અને D માં જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારે ૦૯/૦૦ થી સાંજના ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ- ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઇલેકટ્રોનીક આઇટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૩) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઇલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારે ૦૯/૦૦ થી સાંજે ૧૯/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્ર ના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

એસ.એસ.સી અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા

તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

પરિશિષ્ટ - A

Sr. No.	Center No.	Building	Building Name	Taluka Name
1	6601	DHARAMPUR	S M S M HIGH SCHOOL DHARAMPUR UNIT-1	DHARAMPUR
2	6601	DHARAMPUR	DHARAMPUR NAGAR PALIKA DHARAMPUR	DHARAMPUR
3	6601	DHARAMPUR	KANYA SHAKSHARTA NIVASHI SHALA,OZARPADA BAROIYA ROAD,DHARAMPUR	DHARAMPUR
4	6601	DHARAMPUR	S M S M HIGH SCHOOL,DHARAMPUR UNIT-2	DHARAMPUR
5	6601	DHARAMPUR	RADHABA SHAMLAL PATEL SHALA	DHARAMPUR
6	6603	PARDI	D C O PUBLIC HIGH SCHOOL PARDI UNIT-1	PARDI
7	6603	PARDI	R.J.DAMANVALA SWANIRBHAR MADHYAMIK SHALA	PARDI
8	6603	PARDI	SHRI SARASWATI U.MADHYAMIK SHALA, PARDI	PARDI
9	6605	UDWADA	M G M BHAGINI SAMAJ HIGH SCHOOL FOR GIRLS UDWADA(R.S.)	PARDI
10	6606	VALSAD CITY	J S KANYA VIDYALAY	VALSAD
11	6606	VALSAD CITY	R.M. & V.M. HIGH SCHOOL, NR. KASTURBA ROAD UNIT-1	VALSAD
12	6606	VALSAD CITY	R.M. & V.M. HIGH SCHOOL, NR. KASTURBA ROAD UNIT-2	VALSAD
13	6606	VALSAD CITY	MANIBA SARVAJANIK HIGH SCHOOL	VALSAD
14	6606	VALSAD CITY	G V D SARV. HIGH SCHOOL UNIT-1	VALSAD
15	6606	VALSAD CITY	C.R.DESAI SWAMINARAYAN ENGLISH MEDIUM SCHOOL UNIT-1	VALSAD
16	6607	VALSAD HALAR RD.	ST JOSEPH'S ENG.TEACHING HIGH SCHHOL	VALSAD
17	6607	VALSAD HALAR RD.	BAI AVABAI HIGH SCHOOL VALSAD,UNIT-1	VALSAD
18	6607	VALSAD HALAR RD.	BAI AVABAI HIGH SCHOOL UNIT-2	VALSAD
19	6607	VALSAD HALAR RD.	KUSUM VIDYALAY	VALSAD
20	6610	RONVEL	R.K.PATEL SARVAJANIK H. S. UNIT-1	VALSAD
21	6611	DUNGRI	SARVAJANIK HIGH SCHOOL,DUNGRI	VALSAD
22	6611	DUNGRI	LOK VIDHYALAYA, UNTADI	VALSAD
23	6612	ASURA	S V PATEL SARVAJANIK HIGH SCHOOL ASURA	DHARAMPUR
24	6612	ASURA	SHRIMAD RAJCHANDRA GURUKUL	DHARAMPUR

25	6614	MOTA VAGHCHHIPA	SHRI D P PATEL SARVAJANIK H SCHOOL UNIT-1	PARDI
26	6614	MOTA VAGHCHHIPA	SHRI D P PATEL SARVAJANIK H SCHOOL UNIT-2	PARDI
27	6615	ATAR	P K DESAI VIDYALAYA ATAR UNIT-1	VALSAD
28	6615	ATAR	P K DESAI VIDYALAYA UNIT-2	VALSAD
29	6616	FALDHARA	FALDHARA MADHYAMIK SHALA FALDDHRA	VALSAD
30	6617	NANA PONDHA	N R RAUT SARVAJANIK MADH.SHALA,NANAPONDA UNIT-I	KAPRADA
31	6617	NANA PONDHA	N.R.RAUT SARVAJANIK MADH.SHALA,NANAPONDHA, UNIT-2	KAPRADA
32	6617	NANA PONDHA	SHRI AMBEMATA G.I.D.C. VAPI KANYA VIDYALAY	KAPRADA
33	6617	NANA PONDHA	M.D.DESAI SARY HIGH SCHOOL,VAROLI TALAT,	KAPRADA
34	6620	PARIYA	D R G D & P M J SARVAJANIK HIGH SCHOOL PARIYA	PARDI
35	6621	DANDI BHAGAL	V.F&D.B.TANDEL SARVAJANIK HIGH SCHOOL UNIT-I	VALSAD
36	6621	DANDI BHAGAL	V.F&D.B.TANDEL SARVAJANIK HIGH SCHOOL UNIT-II	VALSAD
37	6622	KAPRADA	ARUNODAY SARVAJANIK VIDYALAYKAPRADA	KAPRADA
38	6622	KAPRADA	EKLAVYA MODEL RESIDENTIAL SCHOOL KAPARADA	KAPRADA
39	6623	MALANPADA	MODEL SCHOOL, MALANPADA	DHARAMPUR
40	6623	MALANPADA	SWAMI NARAYAN GURUKUL HIGH SCHOOL, MALANPADA UNIT-I	DHARAMPUR
41	6624	FANASVADA	SARVAJANIK HIGH SCHOOL, FANASWADA	DHARAMPUR
42	6628	BAGWADA	SHETH G.H & D.J.SARVAJANIK HIGH SCHOOL, BAGWADA	PARDI
43	6629	JUJVA	SHRI I.P.GANDHI SARVAJANIK VIHYALAY	VALSAD
44	6631	MANDVA	MODEL SCHOOL, MANDVA, TA-KAPRADA	KAPRADA
45	6632	NANI VAHIYAL	WALK TO GATHERS SHREE UMEDBHAI DOSHI SARVAJANIK MADHYAMIK & UCHHATAR MADHYAMIK SHALA , NANI VAHIYAL	DHARAMPUR

એસ.એસ.સી અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા

તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

પરિશિષ્ટ - B

SR. NO.	CENTRE NO.	BUILDING	BUILDING NAME	Taluka Name
1	6602	KHATALWADA	SHAH J G SARVAJANIK HIGH SCHOOL UNIT-1	UMBERGAON
2	6602	KHATALWADA	SHAH J G SARVAJANIK HIGH SCHOOL UNIT-2	UMBERGAON
3	6608	VAPI	R G A S HIGH SCHOOL UNIT-1	VAPI
4	6608	VAPI	DESAI N D N SARVAJANIK HIGH SCHOOL	VAPI
5	6608	VAPI	MOTHER OF HOPE SCHOOL VAPI UNIT-1	VAPI
6	6608	VAPI	UPASANA LIONS ENG.MED SCHOOL UNIT-1	VAPI
7	6608	VAPI	UPASANA LIONS ENG.MED SCHOOL,UNIT-2	VAPI
8	6608	VAPI	SANSKAR BHARTI VIDHYALAY	VAPI
9	6608	VAPI	N M BILAKHIYA MORDEN ENG-SCHOOL	VAPI
10	6608	VAPI	VIDYA VIKAS HINDI HIGH SCHOOL	VAPI
11	6608	VAPI	BOONMAX ENG MED SCHOOL	VAPI

12	6608	VAPI	GYANSAGAR HINDI MEDIUM SCHOOL	VAPI
13	6613	UMARGAO	M M HIGH SCHOOL UMARGAM UNIT-I	UMBERGAON
14	6613	UMARGAO	M M HIGH SCHOOL UNIT-2 UMARGAM	UMBERGAON
15	6618	SARIGAM	K D B HIGH SCHOOL SARIGAM UNIT-1	UMBERGAON
16	6618	SARIGAM	K D B HIGH SCHOOL SARIGAM UNIT-2	UMBERGAON
17	6618	SARIGAM	SHREE SWAMI NARAYAN HIGH SCHOOL (ENGLISH MEDIUM),BHILAD	UMBERGAON
18	6618	SARIGAM	SWAMINARAYAN HIGH SCHOOL, GUJ MEDIUM, BHILAD, UNIT-I, SARIGAM, VALSAD	UMBERGAON
19	6625	NARGOL	N M WADIA (TATA WADIA) HIGH SCHOOL	UMBERGAON
20	6625	NARGOL	BHAKTA SHREE JALARAM NEW HIGH SCHOOL-NARGOL	UMBERGAON
21	6630	KARVAD	K. K. HARIYA MADHYAMIK & U.M. SHALA, KARVAD	VAPI
22	6630	KARVAD	B.K.M. SARVAJANIK HIGH SCHOOL	VAPI
23	6630	KARVAD	SENT JOSEPH ENGLISH SCHOOL,KARVAD,VAPI UNIT-1	VAPI

એસ.એસ.સી અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા

તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

પરિશિષ્ટ - C

SR. NO.	CENTRE NAME/ NO.	BUILDING NUMBER	BUILDING NAME	Taluka Name
1	VALSAD/1601	1	BAI AVABAI HIGH SCHOOL(UNIT-I)	VALSAD
2	VALSAD/1601	2	BAI AVABAI HIGH SCHOOL(UNIT-II)	VALSAD
3	VALSAD/1601	3	ST JOSEPH E T HIGH SCHOOL	VALSAD
4	VALSAD/1601	4	R M & V M HIGH SCHOOL	VALSAD
5	DUNGARI/1602	1	SARVAJANIK HIGH SCHOOL DUNGRI UNIT-I	VALSAD
6	DUNGARI/1602	2	SARVAJANIK HIGH SCHOOL DUNGRI UNIT-2	VALSAD
7	VAPI/1603	1	DESAI N.D.N SARVAJANIK HIGH SCHOOL	VAPI
8	VAPI/1603	2	UPASANA LIONS HIGH SCHOOL UNIT-1	VAPI
9	VAPI/1603	3	UPASANA LIONS HIGH SCHOOL UNIT-2	VAPI
10	VAPI/1603	4	ST. FRANCIS HIGH SCHOOL UNIT-1	VAPI
11	DHARAMPU/1604	1	MODEL SCHOOL MALANPADA	DHARAMPUR
12	DHARAMPU/1604	2	DHARAMPUR NAGARPALIKA HIGH SCHOOL	DHARAMPUR
13	DHARAMPU/1604	3	SWAMINARAYAN HIGHER SEC.SCHOOL (UNIT-I)	DHARAMPUR
14	DHARAMPU/1604	4	SWAMINARAYAN HIGHER SEC.SCHOOL (UNIT-II)	DHARAMPUR
15	PARDI/1605	1	B R J P P ENGLISH MEDIUM SCHOOL	PARDI
16	PARDI/1605	2	SHREE SARASWATI UCH.MADH. VIDYAMANDIR	PARDI
17	PARDI/1605	3	R J DAMANWALA (SWANIRBHAR) GUJ MED HIGH SCHOOL	PARDI
18	KHATALWADA/1615	1	SHAH J G SARV.HIGH SCHOOL KHATALWADA	UMBERGAON
19	KHATALWADA/1615	2	S.G.DAKLE SARV.VIDYALAY,SANJAN	UMBERGAON

એસ.એસ.સી અને એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ/વિજ્ઞાનપ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ બોર્ડની જાહેર પરીક્ષા

તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

પરિશિષ્ટ - D

SR. NO.	CENTRE NAME/ NO.	BUILDING NUMBER	BUILDING NAME	Taluka Name
1	VALSAD/1601	1	"MANIBA SARVAJANIK HIGH SCHOOL VALSAD"	VALSAD
2	VALSAD/1601	2	"JAMNABAI SARVAJANIK HIGH SCHOOL"	VALSAD
3	VALSAD/1601	3	G V D SARVAJANIK HIGH SCHOOL	VALSAD
4	VALSAD/1601	4	NATIONAL ENG. SCHOOL	VALSAD
5	VAPI/ 1603	1	"Z H SHAH SARVAJANIK HIGH SCHOOL"	VAPI
6	VAPI/ 1603	2	"SENT ANDRUWS ENGLISH MEDIUM HIGH SCHOOL"	VAPI
7	VAPI/ 1603	3	VIDHYA VIKAS HINDI VIDHYALAY, VAPI	VAPI
8	VAPI/ 1603	4	BOONMAX ENGLISH MEDIUM UNIT-I	VAPI
9	DHARAMPUR / 1604	1	KANYA SHAKSHARTA NIVASHI SHALA	DHARAMPUR
10	DHARAMPUR / 1604	2	S M S M HIGH SCHOOL UNIT-I	DHARAMPUR
11	DHARAMPUR / 1604	3	S M S M HIGH SCHOOL UNIT-II	DHARAMPUR
12	DHARAMPUR / 1604	4	"SHRI N M DESAI SARVAJANIK HIGH SCHOOL"	DHARAMPUR
13	DHARAMPUR / 1604	5	"S.V.PATEL SARVAJANIK HIGH SCHOOL "	DHARAMPUR
14	PARDI/1605	1	"D C O SARVAJANIK HIGH SCHOOL (UNIT-I)"	PARDI
15	PARDI/1605	2	"D C O SARVAJANIK HIGH SCHOOL (UNIT-II)"	PARDI
16	PARDI/1605	3	"SUNRISE ENGLISH MEDIUM HIGH SCHOOL"	PARDI
17	PARDI/1605	4	ASHWAMEGH VIDYALAY	PARDI
18	ATAR / 1606	1	SHRI P K D VIDHYALAY ATAR	VALSAD
19	UNTADI / 1607	1	LOK VIDYALAY,UNTADI	VALSAD
20	FANASVADA/1608	1	SARVAJANIK MADHYAMIK SHALA,FANASVADA	VALSAD
21	SARIGAM / 1609	1	SHRI K.D.BORLAIVALA HIGH SCHOOL UNIT-I	UMBERGAON
22	SARIGAM / 1609	2	SHRI K.D.BORLAIVALA HIGH SCHOOL UNIT-II	UMBERGAON
23	SARIGAM / 1609	3	SHRI SWAMINARAYAN HIGHER SEC., SCHOOL	UMBERGAON
24	NARGOL / 1610	1	TATA VADIYA HIGH SCHOOL	UMBERGAON
25	NARGOL / 1610	2	BHAKTJALARAM HIGH SCHOOL	UMBERGAON
26	RONVEL / 1611	1	SHREE R.K.PATEL SARVAJANIK VIDHYALAYA UNIT-I	VALSAD

27	NANA PONDHA / 1612	1	"N.R.RAUT SARVAJANIK VIDHYALAY (UNIT-I)"	KAPRADA
28		2	"N.R.RAUT SARVAJANIK VIDHYALAY (UNIT-II)"	KAPRADA
29	KARVAD / 1613	1	SHREE K K HARIA U M SHALA	VAPI
30		2	"ST JOSEPH ENGLISH MEDIUM SCHOOL UNIT-I"	VAPI
31	KAPRADA / 1614	1	"ARUNODAY SARVAJANIK VIDHYALAY"	KAPRADA

આજ રોજ તારીખ: ૧૮/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૨૧/વશી.૧૬૯૪ થી ૧૭૪૩/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું નૈમેષ દવે, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં મહાશિવરાત્રિના તહેવારની ઉજવણી થનાર હોય તથા એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા યોજાનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૨૧/૦૨/૨૦૨૫ થી તા.૦૭/૦૩/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૧/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૨૨/વશી. ૧૭૪૪ થી ૧૭૯૩/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું નૈમેષ દવે, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં મહાશિવરાત્રિના તહેવારની ઉજવણી થનાર હોય તથા એસ.એસ.સી./એચ.એસ.સી. પરીક્ષા યોજાનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું નૈમેષ દવે, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૨૧/૦૨/૨૦૨૫ થી તા.૦૭/૦૩/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૧/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

નૈમેષ દવે,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ

વાંચ્યા

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ છોટાઉદેપુરના તા.૦૫/૧૨/૨૦૨૪ ના પત્ર જા.નં.જિ.પં./બાંધકામ/વશી/પીબી/૯૭૦ થી ૯૭૧/૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃટ્રાફિક/ડાયવર્ઝન અભિપ્રાય/૪૪૭/૨૦૨૪, તા.૧૬/૧૨/૨૦૨૪

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું

ન.એમએજી/વશી/૩૯૩૯/૨૦૨૪ વંચાણે-૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ છોટાઉદેપુરના તા.૦૫/૧૨/૨૦૨૪ ના પત્ર જા.નં.જિ.પં./બાંધકામ/વશી/પીબી/૯૭૦ થી ૯૭૧/૨૦૨૪ થી નસવાડી ટાઉન (કન્યાદાન) થી કલેડીયા ચોકડી સુધીનો રોડ કીમી-૦૦ થી ૩/૬૦ સુધીનો જિલ્લા કક્ષાનો રોડ આવેલ હોય જે રસ્તાની સરફેર્સીગની કામગીરી કરવાની હોય જેથી તા.૨૦/૧૨/૨૦૨૪ થી તા.૦૩/૦૧/૨૦૨૫ સુધી તમામ વાહનોની અવર-જવર માટે વૈકલ્પિક રૂટ પર ડાયવર્ઝન જાહેર કરવા માટે માંગણી કરેલ છે.

વંચાણે-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરનાઓએ સદરહું કામે હકારત્મક અભિપ્રાય રજૂ કરેલ છે. પોલીસ અધિક્ષકશ્રીના અભિપ્રાય મુજબ શ્રી વિ.એન.ચાવડા, પો.સ.ઈ. જિલ્લા ટ્રાફિક, છોટાઉદેપુરનાઓએ તા.૧૬/૧૨/૨૦૨૪ના રોજ સ્થળ તપાસ કરતા મુદ્દા નંબર ૧ થી ૨ ની વિગત નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧ઃ કલેડીયા ચોકડીથી નસવાડી તરફ જવા તમામ વાહનોને આકોના ત્રણ રસ્તા થઈ ડાબી બાજુ વળી નસવાડી ટાઉન તરફ જઈ શકાય.

મુદ્દા નંબર ૨ઃ નસવાડી ટાઉનમાંથી કલેડીયા ચોકડી તરફ જવા તમામ વાહનોને આકોના ત્રણ રસ્તા થઈ જમણી બાજુ વળી કલેડીયા ચોકડી તરફ જઈ શકાય.

ઉપરોકત સી.સી.રસ્તાની કામગીરી માટે અંદાજે ૧૫(પંદર) દિવસ જેટલો સમયગાળો પસાર થાય તેમ છે. તેમજ ઉકત દરમિયાન રસ્તા પર એસ.ટી.બસ. એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટીગ જેવા ઈમરજન્સી વાહનો તથા અન્ય વાહનો માટે વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ ઉપરોકત જણાવ્યા અનુસાર જાહેર કરવા માંગણી કરેલ છે.

આમ, વંચાણે-૧ થી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ છોટાઉદેપુરની માંગણી અનવયે વાહનોની અવર જવર બંધ કરી અન્ય વૈકલ્પિક રૂટ પરડાયવર્ઝન આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનિલ ધામેલીયા, IAS જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળના જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. કલેડીયા ચોકડીથી નસવાડી તરફ જવા તમામ વાહનોને આકોના ત્રણ રસ્તા થઈ ડાબી બાજુ વળી નસવાડી ટાઉન તરફ જઈ શકાય.

૨. નસવાડી ટાઉનમાંથી કલેડીયા ચોકડી તરફ જવા તમામ વાહનોને આકોના ત્રણ રસ્તા થઈ જમણી બાજુ વળી કલેડીયા ચોકડી તરફ જઈ શકાય.

૩. કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, છોટાઉદેપુર દ્વારા સદરહું જાહેરનામાં અન્વયે જિલ્લા માર્ગ કક્ષાના રસ્તા ઉપર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહશે.

૪. સદરહુ જિલ્લા માર્ગ કક્ષાના રસ્તા ઉપર ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ દ્વારા જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે.

૫. આ જાહેરનામાંના સમયગાળા દરમિયાન જ રસ્તાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું તા.૨૦/૧૨/૨૦૨૪ થી તા.૦૩/૦૧/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે

સજા

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવો માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓને ચોક્ક્સ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળના જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળા કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

અનિલ ધામેલીયા IAS
જિલ્લા મજિસ્ટ્રેટ,
છોટાઉદેપુર

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધો:-

(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:જા.નં.પરક્ષ/SSC-HSC/૨૦૨૫/૧૧૪૪-૪૫, તા.૧૦/૦૨/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/પરીક્ષા/વશી/૯૮૪/૨૦૨૫.- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં ઉપરોક્ત આમુખ-૧ નાં પત્ર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર ૧૫૮ માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા જિલ્લા મહદવારોની

પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર છે. જે અંતર્ગત અત્રેનાં ભરૂચ જીલ્લામાં સદરહું પરીક્ષા જુદા ધોરણ-૧૦ (S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહનાં નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી -હે જુદી પરીક્ષા કે દ્રો ખાતે યોજાનાર છે. સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને પરીક્ષા આપવામાં અડચણ કે નુક્શાન ન ભરૂચથાય તેમજ સુલેહશાંતિનો ભંગ કે હુલ્લડ કે બખેડો અટકાવી શકાય તથા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોનાં ત્રાસ-ભય વિના પરીક્ષા આપી શકે તે હેતુસર ઉપરોકત જણાવેલ પરીક્ષાની તારીખો દરમ્યાન પરીયા કેન્દ્રની ફરતે ૧૦૦ મીટરની હદમાં પરીક્ષાથી સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એન. આર. ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા ધોરણ-૧૦ (S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહનાં નિયમિત/ રિપીટર/ પૃથક/ ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર હોય સદરહું પરીક્ષા અન્વયે ભરૂચ જીલ્લામાં તા:૨૭/૦૨/૨૦૨૫થી તા. ૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારનાં ૦૮:૦૦ કલાકથી રાત્રિનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રોની ફરતે ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં પરીક્ષાર્થી તેમજ નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિઓ સિવાયની કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓનાં સમુહને પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં હું આદેશ કરુ છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહિં.

(૧) પરીક્ષાની કામગીરી સાથે કોઈપણ રીતે સંકળાયેલ તમામ ફરજ પરનાં અધિકારીશ્રી/કર્મચારીશ્રી.

(૨) પરીક્ષા ખંડમાં પાણી પીવડાવવાની કામગીરી કરતાં અધિકૃત વ્યક્તિઓને

(૩) ફરજ પરનાં પોલીસ કર્મચારીઓ તથા ગૃહ રક્ષક દળની વ્યક્તિઓને

(૪) આકસ્મિક તપાસણીમાં આવતી અધિકૃત તમામ ટૂકડીઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધો-

(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:જા.નં. પરક્ષ/SSC-HSC/૨૦૨૫/૧૧૪૪-૪૫, તા.૧૦/૦૨/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (આર) (૩) અન્વયે

ક્રમાંક:એમએજી/પરીક્ષા/વશી/૯૮૫/૨૦૨૫.-જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં ઉપરોક્ત આમુખ-૧ નાં પત્ર અ-વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા પ૯ ધોરણ-૧૦ (S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહનાં નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર છે. જે અંતર્ગત અત્રેનાં ભરૂચ જીલ્લામાં સદરહું પરીક્ષા જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવાનાં કારણે પરીક્ષાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવામાં ખલેલ પહોંચે તેમ છે. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર આની ખૂબજ પ્રતિકૂળ અસર પડે તેમ છે અને વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે તેમ છે. તેમજ ધ્વનિ પ્રદુષણ પણ થાય છે. જેથી ૨૭/૦૨/૨૦૨૫થી તા. ૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારનાં ૦૮:૦૦ કલાકથી રાત્રિનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી.જે.સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(આર)(૩) થી મળેલ સત્તાની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા ધોરણ-૧૦ (S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહનાં નિયમિત/ રિપીટર/ પૃથક/ ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર હોય સદરહું પરીક્ષા અન્વયે ભરૂચ જીલ્લામાં તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫

સુધી સવારનાં ૦૮:૦૦ કલાકથી રાત્રિનાં ૦૮:૦૦ કલાક સુધી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં બેફામ તથા મનસ્વી રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર, વાજીંત્રો તથા ડી. જે. સિસ્ટમ વગાડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૯/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

વંચાણે લીધો:-

(૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:જા.નં. પરક્ષ/SSC-HSC/૨૦૨૫/૧૧૪૪-૪૫, તા. ૧૦/૦૨/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:એમએજી/પરીક્ષા/વશી/૯૮૬/૨૦૨૫.-જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભરૂચનાં ઉપરોક્ત આમુખ-૧ નાં પત્ર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા ધોરણ-૧૦ S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહનાં નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર છે. જે અંતર્ગત અત્રેનાં ભરૂચ જીલ્લામાં સદરહું પરીક્ષા જુદા જુદા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે. સદર પરીક્ષા કેન્દ્રની નજીક આવેલાં ઝેરોક્ષ સેન્ટરોનાં કારણે વિદ્યાર્થીઓ કાપલીઓ તેમજ ઝેરોક્ષ નકલોનો ઉપયોગ કરે, કરાવે અને તેના પરિણામે પરીક્ષામાં ગેરરીતિઓ થવાનો સંભવ રહે છે. જેથી પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની હદ વિસ્તારમાં આવેલાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ઉપરોક્ત જણાવેલ પરીક્ષાની તારીખ દરમ્યાન સવારનાં ૦૮:૦૦ કલાક થી રાત્રિનાં ૦૮:૦૦ કલાક સુધી બંધ રાખવા માટેની જરૂરિયાત જણાય છે.

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ અધિકારની રૂએ હુકમ કરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર દવારા આગામી તા:૨૭/૦૨/૨૦૨૫થી તા. ૧૭/૦૩/૨૦૨૫ સુધી બોર્ડની જાહેર પરીક્ષા ધોરણ-૧૦ (S.S.C.) અને ધોરણ-૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહનાં નિયમિત/ રિપીટર/ પૃથક/ ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ યોજાનાર હોય સદરહું પરીક્ષા અન્વયે ભરૂચ જીલ્લામાં તા:૨૭/૦૨/૨૦૨૫થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી સવારનાં ૦૮:૦૦ કલાકથી રાત્રિનાં ૦૮:૦૦ કલાક સુધી ભરૂચ જીલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરનાં હદ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા આદેશ ફરમાવુ છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૯/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન.આર.ધાધલ,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી-૨૯૧-૩૨૦/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામું/૩૭૭/૨૦૨૫ તા.૧૭/૦૨/૨૦૨૫ ની વિગતે તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ મતગણતરી ૧૦- કડમાળ જિલ્લા પંચાયત મત વિસ્તારની ચૂંટણીની મતગણતરી હોય, તેમજ આગામી દિવસોમાં હોળીનો તહેવાર આવતો હોય, જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ઘોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઇ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૧૮/૦૨/૨૦૨૫ના ૬.૦૦/૦૦ થી તા.૦૪/૦૩/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર ::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૭/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/પરીક્ષા/જાહેરનામું/વશી-૩૮૩-૪૦૯/૨૦૨૫.- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગના પત્ર ક્રમાંક: ક્રમાંક: બોર્ડ/NMMS પરીક્ષા. જાહેરનામું/૭૯૬/૨૦૨૫ તા.૧૯/૦૨/૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નેશનલ મીન્સ કમ

મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષાઓ તા.૨૨/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૧૨-૦૦ કલાથી ૦૩-૦૦ કલાક સુધી યોજાનાર છે. જેથી વિદ્યાર્થીઓ આ પરીક્ષા નિર્ભયપણે અને મુક્ત ıતાવરણમાં આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા તા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો પર નિયત પરીક્ષા કાર્યક્રમ દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર ત્રિજ્યામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ..

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમ્યાન લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ,

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઇ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઇ પણ કર્મચારીઓ કે ફરજ ઉપરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઇએ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

::પ્રતિબંધિત વિસ્તાર:: (પરિક્ષા કેન્દ્રો)

NMMS પરીક્ષા તા.૨૨/૦૨/૨૦૨૫ (પરીક્ષા સમય : 12-00 AM to 03-00 PM)

અ.નં.	પરીક્ષા કેન્દ્ર	પરીક્ષા બિલ્ડીંગનું નામ
૧	આહવા	દિપદર્શન માધ્યમિક શાળા, આહવા
૨		સરકારી મા. અને ઉ.મા.. આહવા તા.આહવા જિ.ડાંગ
૩	સુબીર	સરકારી મા. અને ઉ.મા. શાળા, સુબીર તા.સુબીર જિ.ડાંગ
૪		નવજ્યોત હાઇસ્કુલ, સુબીર તા.સુબીર જિ.ડાંગ
૫	વઘઇ	માધ્યમિક અને ઉ.મા. શાળા રંભાસ તા.વઘઈ જિ.ડાંગ
૬		તાલુકા પ્રાથમિક શાળા વઘઇ તા. વઘઇ જિ.ડાંગ

::અપવાદ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) વધુમાં ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા પરીક્ષામાં ફરજની કામગીરીમાં રોકાયેલા હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતા ઇસમોને લાગુ પડશે નહી.

(૨) સરકારી નોકરીમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

::શિક્ષા::

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અવ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૨/૦૨/૨૦૨૫ ના રોજ સમય ૧૧-૦૦ કલાક થી ૩-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખઃ-૨૦/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંકઃફજદ/બોર્ડ પરીક્ષા/જાહેરનામું/વશી-૩૫૬ થી ૩૮૨/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગના પત્ર ક્રમાંકઃ બોર્ડ/પરીક્ષા. જાહેરનામું/ ૫૬૮-૬૯/૨૦૨૫ તા.૧૨/૦૨/૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ માં લેવાનાર ધોરણ-૧૦ (એસ.એસ.સી.), ધોરણ-૧૨-(એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના નિયમિત/રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમ્યાન યોજાનાર છે. જેથી વિદ્યાર્થીઓ આ પરીક્ષા નિર્ભયપણે અને મુક્ત વાતાવરણમાં આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા તા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો પર નિયત પરીક્ષા કાર્યક્રમ દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર ત્રિજ્યામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ..

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમ્યાન લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ,

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઇ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઇ પણ કર્મચારીઓ કે ફરજ ઉપરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઇએ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

::પ્રતિબંધિત વિસ્તારઃ: (પરિક્ષા કેન્દ્રો)

SSC (માધ્યમિક) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫ પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા. ૧૦/૦૩/૨૦૨૫

અ.નં.	પરીક્ષા સ્થળનું નામ (પરીક્ષા સમયઃ સવારના ૧૦-૦૦ થી ૧૩-૪૫)
૧	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા
૨	દિપદર્શન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા
૩	એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, માલેગામ તા. આહવા જિ.ડાંગ
૪	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તા.સુબીર જિ.ડાંગ
૫	નવજ્યોત હાઇસ્કુલ, સુબીર તા.સુબીર જિ.ડાંગ
૬	ઋતંભરા કન્યા વિદ્યાલય મંદિર હાઇસ્કુલ, સાપુતારા તા. આહવા જિ.ડાંગ
૭	એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, સાપુતારા તા. આહવા જિ.ડાંગ
૮	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પીંપરી તા.આહવા જિ.ડાંગ
૯	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સાકરપાતળ તા.વઘઈ જિ.ડાંગ
૧૦	એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, ચીંચલી તા. આહવા જિ.ડાંગ
૧૧	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પિપલદહાડ તા.સુબીર જિ.ડાંગ
૧૨	સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, કાલીબેલ તા.વઘઇ જિ.ડાંગ
૧૩	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ચિકાર તા વઘઇ જિ.ડાંગ

અ.નં.	પરીક્ષા સ્થળનું નામ (પરીક્ષા સમય: સવારના ૧૦-૦૦ થી ૧૩-૪૫)
૧૪	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, રંભાસ તા.વઘઈ જિ.ડાંગ
HSC (સામાન્ય પ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫	
પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫	
અ.નં.	**પરીક્ષા સ્થળનું નામ (પરીક્ષા સમય: બપોરે ૦૩.૦૦ થી ૬.૪૫)**
૧	એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, આહવા તા. આહવા જિ.ડાંગ
૨	દિપદર્શન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા તા. આહવા જિ.ડાંગ
૩	ઋતંભરા કન્યા વિદ્યાલય મંદિર હાઈસ્કુલ, સાપુતારા તા. આહવા જિ.ડાંગ
૪	એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, સાપુતારા તા. આહવા જિ.ડાંગ
૫	માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, રંભાસ તા.વઘઈ જિ.ડાંગ
૬	નવજ્યોત હાઈસ્કુલ, સુબીર તા.સુબીર જિ.ડાંગ
૭	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ચિકાર તા.વઘઈ જિ.ડાંગ
HSC (વિજ્ઞાન પ્રવાહ) પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫	
પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા. ૧૦/૦૩/૨૦૨૫	
અ.નં.	**પરીક્ષા સ્થળનું નામ (પરીક્ષા સમય: બપોરે ૦૩-૦૦ થી ૦૬-૪૫)**
૧	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા તા.આહવા જિ.ડાંગ
૨	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સાપુતારા તા.આહવા જિ.ડાંગ

::અપવાદ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) વધુમાં ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા પરીક્ષામાં ફરજની કામગીરીમાં રોકાયેલા હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતા ઇસમોને લાગુ પડશે નહી.

(૨) સરકારી નોકરીમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

::શિક્ષા::

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અવ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા. ૧૭/૦૩/૨૦૨૫ના રોજ સમય ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખ:-૨૦/૦૨/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી- ૪૫૦-૪૭૯/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી, જાહે. /૪૭૬/૨૦૨૫ તા.૦૩/૦૩/૨૦૨૫ની વિગતે આગામી તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ સુધી ડાંગ દરબાર મેળો તેમજ તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ

હોળીનો તહેવાર તથા તા.૧૪/૦૩/૨૦૨૫ના રોજ ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, સદરહ તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ધ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૦૮/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૧૪/૦૩/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર ::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૫ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૪/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/ડાંગદરબાર/જાહેરનામું/વશી-૪૮૦થી૫૦૯/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના પત્ર ક્રમાંક:LIB /તળાવ પ્રતિ./૪૨૨/૨૦૨૫ તા. ૨૫/૦૨/૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા.૦૮/૦૩/૨૦૨૫ થી

તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫નું આયોજન કરવામાં આવનાર છે. ડાંગ દરબાર મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતા હોય, આહવા Maઈ જેવી પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ મૂકવા દરખાસ્ત કરેલ છે જે યોગ્ય જણાય છે. તળાવમાં નાહવા, સેલ્ફી લેવા, માછલીને ફીડીંગ કરવા, માછલી પકડવા, કપડા ધોવા જેવી પ્રવૃત્તિ કરવાથી ડુબી જવાના બનાવો બનવાની શકયતા રહેલી છે. જેથી આવા બનાવો બનતા અટકાવી શકાય તે માટે આહવા સળાવમાં કોઈ પણ વ્યક્તિને નાહવા, સેલ્ફી લેવા, માછલીઓને ફીડીંગ કરાવવા, માછલી પકડવા, કપડા

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-DA23 (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ મુ.આહવા તા. આહવા જિ.ડાંગ ખાતે આવેલ તળાવમાં કોઈ પણ વ્યક્તિને નાહવા, સેલ્ફી લેવા, માછલીઓને ફીડીંગ કરાવવા, માછલી પકડવા, કપડા ધોવા જેવી પ્રવૃત્તિ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

:: શિક્ષા:

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખ:- ૦૪/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧) હેઠળનું ::

ક્રમાંક:ફજદ/ડાંગ દરબાર/જાહેરનામું/વશી-૪૧૮-૪૪૯/૨૦૨૫ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના તા. ૨૫/૦૨/૨૦૨૫ પત્ર નં.એલઆઈબી/૪૨૧/૨૦૨૫ થી મળેલ દરખાસ્ત મુજબ ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫નું આયોજન કરવામાં આવનાર છે. ડાંગ દરબાર મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતા હોય, સુચારૂ રીતે ટ્રાફિક નિયમન થાય તે માટે નીચે મુજબના માર્ગો ઉપર વાહનોની અવર-જવર તેમજ પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવા દરખાસ્ત કરેલ છે. જે યોગ્ય જણાય છે.

વાસ્તે, હું એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટ-અમાં જણાવેલ રસ્તાઓ ઉપર હુકમ કરું છું.

(ક) કાર, બાઈક તેમજ અન્ય તમામ પ્રકારના વાહનો.

(ખ) પ્રાણીઓ સાથે અથવા પ્રાણીઓ દ્વારા ચાલતા વાહન જઈ શકશે નહી.

તેવો પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ-અ

(૧) પરબડી સર્કલ આહવા થી કુવારા સર્કલ, આહવા સુધીનો રસ્તો.

(૨) રંગ ઉપવન, આહવા થી શહિદ સ્મારક સુધીનો રસ્તો.

ટ્રાફિક ડાયવર્ઝન માર્ગ

ડાંગ દરબાર મેળો-૨૦૨૫ દરમ્યાન તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા. ૧૨/૦૩/૨૦૨૫ સુધી ઉપરોક્ત પરિશિષ્ટ- અ મુજબના રસ્તાઓ વાહન વ્યહાર માટે બંધ રાખી તમામ વાહનો ફુવારા સર્કલ થી આશ્રમ રોડ થઇ, પ્રવાસી ગૃહ ત્રણ રસ્તા થઈ સિવિલ હોસ્પિટલ ચાર રસ્તાથી સુબીર, સાપુતારા રોડ તરફ સુધીના માર્ગનો ઉપયોગ કરવાનો રહેશે.

વાહન પાર્કીંગની વ્યવસ્થા

(૧) સનસેટ પોઈન્ટ, દિપદર્શન સ્કુલની બાજુનું મેદા (વઘઈ તરફથી આવતા વાહનોનાં પાર્કીંગ માટે)

(૨) ડાંગ સ્વરાજય આશ્રમ, ટીમ્બર હોલ સામેનું મેદાન (વઘઈ તરફથી આવતા વાહનોનાં પાર્કીંગ માટે)

(૩) પટેલ પાડા, ગીતાંજલી સ્કુલની બાજુનું મેદાન (ચીંચલી, સુબીર તરફથી આવતા વાહનોનાં પાર્કીંગ માટે)

(૪) નાયરા પેટ્રોલપંપની બાજુનું મેદાન (ચીંચીલી, સુબીર તરફથી આવતા વાહનોના પાર્કીંગ માટે)

(૫) શ્રમજીવી વસાહત નિગમનાં જુના ગોડાઉન પાસે (સાપુતારા તરફથી આવતા વાહનોના પાર્કીંગ માટે)

::અપવાદ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી ફરજ ઉપર હોય તેવા સરકારી વાહનમાં જનારાઓ, સરકારી કર્મચારીઓ જેઓ ફરજ ઉપર હોય

(ખ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને

(ગ) પીવાના પાણીની સેવા, ગંદા પાણીની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની સેવાઓ પુરી પાડવા મોટર વાહનમાં જનારાઓ.

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧, ની કલમ - ૧૩૫ મુજબની દંડની સજા થશે.

આ હુકમ અન્વે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા. ૦૮/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૨/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ:-૦૪/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી- ૫૬૬ થી ૬૦૬/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી, જાહે. /૫૭૩/૨૦૨૫ તા.૧૩/૦૩/૨૦૨૫ની વિગતે આગામી તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ સુધી ડાંગ દરબાર મેળો તેમજ તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ હોળીનો તહેવાર તથા તા.૧૪/૦૩/૨૦૨૫ના રોજ ધુળેટીનો તહેવાર ઉજવવામાં આવનાર હોય, સદરહ તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ઘોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૦૮/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૧૪/૦૩/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર ::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૫ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૪/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧) હેઠળનું ::

ક્રમાંક:ફજેદ/ડાંગ દરબાર/જાહેરનામું/વશી-૫૧૩ થી ૫૫૪ /૨૦૨૫.-ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫નું આયોજન કરવામાં આવનાર છે. ડાંગ દરબાર મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતા હોય સદરહું મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે હેતુ તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન રાત્રિના ૧૧-૦૦ કલાક સુધી જ ચાલુ રાખવા હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે હેતુથી રાત્રિના ૧૧-૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકાશે.

:: શિક્ષા:

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૧૩૫ મુજબની દંડની સજા થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૮/૦૩/૨૦૨૫ નાં રોજ મારી રાહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૩(૧) હેઠળનું ::

ક્રમાંક:ફજદ/ડાંગ દરબાર/જાહેરનામું/વશી-૫૧૩ થી ૫૫૪ /૨૦૨૫.-ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫નું આયોજન કરવામાં આવનાર છે. ડાંગ દરબાર મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતા હોય સદરહું મેળા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે હેતુ તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન રાત્રિના ૧૧-૦૦ કલાક સુધી જ ચાલુ રાખવા હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક, આહવા ખાતે તા.૦૯/૦૩/૨૦૨૫ થી તા.૧૨/૦૩/૨૦૨૫ સુધી યોજાનાર પરંપરાગત ડાંગ દરબાર મેળો-૨૦૨૫ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે હેતુથી રાત્રિના ૧૧-૦૦ કલાક સુધી જ ચાલુ રાખી શકાશે.

:: શિક્ષા:

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ - ૧૩૫ મુજબની દંડની સજા થશે.

આ હુકમ અવ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂદ્ધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૮/૦૩/૨૦૨૫ નાં રોજ મારી રાહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી- ૫૬૬ થી ૬૦૬/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી, જાહે. /૫૭૩/૨૦૨૫ તા.૧૩/૦૩/૨૦૨૫ની વિગતે આગામી તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૨૯/૦૩/૨૦૨૫ સુધી ડાંગ જિલ્લામાં હોળીનો તહેવાર હોળી પ્રગટાવ્યાનાં પાંચ દિવસ સુધી ઉજવવામાં આવે છે તથા મુસ્લિમ ધર્મનો વપિવત્ર રમઝાન માસ પણ ચાલુમાં હોય, જેથી સદરહું તહેવારો દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે, જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ઘોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઇજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા. ૧૫/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા. ૨૯/૦૩/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર ::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૫ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૧૫/૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::

ક્રમાંક:ફજદ/ગુજકેટપરીક્ષા/જાહેરનામું/વશી-૭૦૩થી૭૦૪/૨૦૨૫.-જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,આહવા-ડાંગનાપત્રક્રમાંક:બોર્ડ/ગુ.પ.જાહેરનામું/ ૧૧૭૬/૨૦૨૫ તા.૧૩/૦૩/૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્તની વિગતે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પછીના ડીગ્રી એન્જીનિયરીંગ ફાર્મસી તેમજ મેડીકલ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૦૨૫ પરીક્ષા આગામી તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને નિયત પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ નિર્ભય અને મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે હેતુસર જરૂરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. સદરહું પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ સમય તથા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

ક્રમ	પરીક્ષા કેન્દ્ર	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા તારીખ	સમય
૦૧	આહવા	સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવા, યુ-૧, તા.આહવા, જિ.ડાંગ	તા.૨૩/૦૩/૨૦૨૫	૧૦:૦૦ થી ૦૪:૦૦ સુધી
૦૨		સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા આહવા, યુ-૨, તા.આહવા, જિ.ડાંગ		

આમ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગ ધ્વારા વિદ્યાર્થીઓ આ પરીક્ષા નિર્ભયપણે અને મુક્ત વાતાવરણમાં આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર જાહેરનામું પાડવા વિનંતી કરેલ છે.

જેથી ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રો ઉપર ચારે તરફ ૧૦૦ મીટરનાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમિયાન સમય: ૦૯.૦૦ થી ૧૬.૦૦ સુધી બંધ રાખવા જરુરી અને ઇષ્ટ જણાતું હોવાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો પર નિયત પરીક્ષા કાર્યક્રમ દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર ત્રિજ્યામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમ્યાન લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઇ પણ કર્મચારીઓ કે ફરજ ઉપરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઇએ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

::અપવાદ::

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) વધુમાં ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા પરીક્ષામાં ફરજની કામગીરીમાં રોકાયેલા હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતા ઇસમોને લાગુ પડશે નહી.

(૨) સરકારી નોકરીમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: શિક્ષા::

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અવ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરુધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો સમય::

આ જાહેરનામું તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ સમય ૦૯-૦૦ કલાક થી ૧૬-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ તારીખ:- ૨૦/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું::

ક્રમાંક:ફજદ/વશી-૬૨૨ થી ૬૬૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી ડાંગ આહવાના જા.નં.એસ.ઓ.જી./જાહેરનામુ/મકાન ભાડુઆત/૧૫૮/૨૦૨૫, તા.૧૮/૦૨/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમાં આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવો તાજેતરમાં બનવા પામેલ છે. ડાંગ જિલ્લા કક્ષાએ આવા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ડાંગ જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીનાં પગલા રૂપે ઘનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઈ રહેલ છે. હાલના સંજોગોમાં ત્રાસવાદીઓ/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ ગીચ વિસ્તારોમાં મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને વિસ્તારનો સર્વે (રેકી) કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ ત્રાસવાદી પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલીકો દ્વારા ભાડે આપતા મકાનો દ્વારા રાજ્ય અને દેશની સલામતી જાળવવાના કાર્યોમાં તેઓનો સહકાર મેળવવા માટે મકાન માલીકો દ્વારા ભાડે અપાતા મકાનોની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં અચૂક કરાવે તે આપત્તિ સમયની અનિવાર્ય જરૂરત બનેલ છે. તેમજ મકાન માલીકોએ કરેલી જાણ અંગે સ્થાનીક પોલીસ દ્વારા નિયત કોલમમાં ભાડુઆત અંગે અને મકાન માલીક અને મકાન અંગેની સંપુર્ણ અને સચોટ વિગતો નિભાવવામાં આવે અને આ બાબતને કાનુની બળ મળી રહે તે માટે રજીસ્ટરો નિભાવવામાં આવે જે અન્વયેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે.

હું, એસ.ડી.તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રુએ નીચે મુજબ હુકમ કરું છું,

"સમગ્ર ડાંગ જિલ્લામાં કોઈ રહેણાંકના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અમાં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે. તથા જયારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભાવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટા સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે."

પત્રક-અ

મકાન ભાડે આપતાં પહેલાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ, સરનામું અને ટેલીફોન/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાનની વિગત, જેમાં કયા વિસ્તારમાં મકાન આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મીમાં છે તેની વિગત	મકાન ભાડે આપતા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ, સરનામું ટેલીફોન/ મોબાઈલ નંબર	મકાન કઈ તારીખથી ભાડે આપેલ છે. તથા માસીક ભાડું કેટલું છે?	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, હાલનું સરનામું ટેલીફોન/મો.	જે વ્યક્તિને મકાન ભાડે આપેલ છે તેમના મૂળ વતનનું પાકું સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સંબંધીના નામ અને સરનામાં	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું મોબાઈલ નંબર	રિમાર્કસ (આધાર કાર્ડ)
૧	૨	૩	૪	૫	૬	૭	૮

-:અમલવારીનો સમય:-

આ હુકમ તા. ૨૦/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

-:વિસ્તાર:-

સમગ્ર ડાંગ જિલ્લો

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

ક્રમાંક:ફજદ/પથિક/વશી-૬૬૩-૭૦૨/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:જા.નં.જાહેરનામું/પથિક સોફટવેર /૧૫૯/૨૦૨૫ તા.૧૮/૦૨/૨૦૨૫ના પત્રની વિગતે ગુજરાત સહિત સમગ્ર દેશમા આતંકવાદ અને ત્રાસવાદના કૃત્યોનાં બનાવી બનવાની સભાવના હંમેશા બની રહે છે. ડાંગ-આહવા જિલ્લામાં આવા કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ડાંગ-આહવા જિલ્લા કક્ષાએ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા સાવચેતીના પગલા રૂપે ધનિષ્ઠ ચેકીંગ તથા અનેક વિવિધ પ્રકારના પગલાઓ લેવાઇ રહેલ છે.

ભૂતકાળમાં દેશમાં તથા ગુજરાત રાજયમાં ત્રાસવાદી ધુસેલાનું ગુપ્ત બ્રાન્ચો દ્વારા ઇનપુટ મળતા રહે છે તેમજ સમાચાર માધ્યમો દ્વારા તથા અખબારોમાં પણ આવા ન્યુઝ પ્રસિધ્ધ થતાં રહે છે ત્રાસવાદીઓ શહેર જિલ્લાની હોટલો, લોજ, ગેસ્ટ હાઉસો, ધર્મશાળાઓ કે ભાડાથી/રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી તથા તમામ સરકારી, ધાર્મીક કે ટ્રસ્ટથી ચાલતી અને ખાનગી વ્યવસ્થાઓ/સ્થાનોમાં રહેવાં/રોકાવાની સંભાવનાઓ ખુબજ વધુ છે તેમજ ડાંગ-આહવા જીલ્લામાં આવેલ સાપુતારા ખુબ જ મહત્વનું પ્રખ્યાત હિલ સ્ટેશન હોય મોટી સંખ્યામાં દેશ-વિદેશનાં પ્રવાસીઓની સતત અવર-જવર રહે છે, જેનો દેશ વિરોધી/આતંકવાદી તત્વો ગેરલાભ ઉઠાવે તે શક્યતા નકારી શકાય નહીં, જેથી સમગ્ર જિલ્લા અને તાલુકા

મથકોએ આવેલી હોટલો, લોજ, ગેસ્ટ હાઉસો, ધર્મશાળાઓ, વિગેરેનુ સરપ્રાઇઝ ચેકીંગ હાથ ધરવામા આવે છે અને ચેકીંગ સમયે એવુ જણાયેલ કે, હોટલો, લોજ, ગેસ્ટહાઉસો, ધર્મશાળાઓમાં જે રજીસ્ટરો નિભાવવામાં આવે છે તેમાં ઘણી અપૂર્તતા જણાય છે અને રાત્રી રોકાણ કરનાર તમામની પુરતી માહિતી તથા જે તે વ્યકિતની ચોકકસ ઓળખ મળી શકે તેવા જરૂરી ડોકયુમેન્ટ તમામ પેસેન્જરોના મેળવવામાં આવતાં નથી. આ સ્થિતિ બિલકુલ અનિચ્છનિય હોય નિયમિત સમયાંતરે તમામ હોટેલોનું પોલીસ ચેકીંગ ખુબ જ જરૂરી છે.

ગુજરાત રાજયમાં વેબ ડિઝાઈન કરવામાં આવેલ "પથિક" (programme for analysis of travelers and hotel informatics) સોફટવેરનું અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાંચ ખાતે સર્વર કાર્યરત છે. આ સોફટવેરમાં હોટલમાં રોકાણ કરનાર ગ્રાહકોની માહીતીની હોટલ ખાતેથી ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી માટેનુ સીકયોર વેબ પોર્ટલ બનાવવામાં આવ્યુ છે. જિલ્લામાં આવેલ તમામ હોટલો લોજ - ગેસ્ટહાઉસો, ધર્મશાળાઓ, ટેંટ સીટી અને અન્ય જગ્યા ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે. તેમના નામ, સરનામા, મોબાઇલ ફોન નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં આવે છે તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહન રજીસ્ટ્રેશન નંબર તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ પથિક સોફટવેરમા ફરજીયાત ઓનલાઇન ચઢાવવા બાબતનું જાહેરનામું કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ તમામ હોટલો, લોજ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, ટેંટ સિટી, તથા અન્ય જગ્યા ઉપર જે માણસો આવીને રોકાણ કરે છે તેમના નામ, સરનામા, મોબાઇલ નંબર ઉપરાંત જે મુસાફરો રાત્રી રોકાણમાં છે આવે છે તે જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, વાહન રજીસ્ટ્રેશન નંબર, તથા પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલા હોય તો તે મુજબની તમામ વિગતો તેમના ઓળખાણના પુરાવા મેળવી તેની નોંધ પથિક સોફટવેરમાં (https://pathik/) ફરજિયાત ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૨૦/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

:: શિક્ષા ::

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ કરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું. ::

ક્રમાંક:ફજદ/જાહે./વશી-૮૧૭-૮૪૨/૨૦૨૪.–ઈ.ચા.સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ આહવાના પત્ર નં.શાશન/બિનઅધિકૃત/કાર્યવાહી/આહવા/ઓન/૫૯૮/તા.૦૯/૦૯/૨૦૨૪ ના પત્રની વિગતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૭/૧૯૮૯થી એજન્ટ પ્રથા નાબુદ કરવામાં આવેલ છે. બિનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા મોટરીંગ પબ્લિક સાથે છેતરામણી કરીને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી લોભામણી વાતો કરી વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી બિનઅધિકૃત વ્યક્તિઓ ઇસમો રૂપિયા લઇ ભાગી જતાં કે વધારાના રૂપિયા પડાવતાં હોવાનું તથા આવા બિનઅધિકૃત ઇસમો કચેરીના કમ્પાઉન્ડમાં પોતાના નામના સરકાર માન્ય આર.ટી.ઓ એજન્ટના વીઝીટીંગ કાર્ડ છપાવી તેમના પ્રાઇવેટ વાહન (જેવા કે ઓટો રીક્ષા, મારૂતી) પર બેનર લગાવી મોટરીંગ પબ્લિકને ભોળવી છેતરપિંડી કરતા હોય છે અને આવા તત્વો દ્વારા કચેરીની કામગીરીમાં રૂકાવટ કરાવી કચેરીના રેકોર્ડ સાથે ચેડા કરવા, ધાક ધમકી આપવી, મારા મારી કરવી જેવી પ્રવૃત્તિઓથી ભયનું વાતાવરણ ફેલાવતા હોય છે પરિણામે કચેરીમાં કામ કરતા કર્મચારીઓ/અધિકારીઓમાં અસુરક્ષિતતા લાગણી જોવા મળે છે. જેની પ્રતિકૂળ અસર સરકારી કામકાજ પર પડે છે. જેથી મોટરીંગ પબ્લિકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લિક લે ભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/અધિકારીઓ સ્વસ્થ ચિતે, ભયની લાગણી વગર ધારધોરણ મુજબની કામગીરી તટસ્થતા પૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તેમજ કોઈપણ સ્વરૂપથી બિનઅધિકૃત વ્યક્તિઓ અસ્તિત્વમાં ન રહે તેમજ બિન અધિકૃત વ્યક્તિઓ કચેરીમાં કે કચેરીના કમ્પાઉન્ડમાં ના આવે તેના માટે જાહેરનામું કરવા દરખાસ્ત કરેલ છે જે ઉચિત જણાય છે.

આથી હું, એસ. ડી. તબિયાર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી અને કચેરીના કમ્પાઉન્ડમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ તેવા બિન અધિકૃત વ્યક્તિઓ/ઇસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ હુકમ તા.૨૯/૦૩/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૨૭/૦૫/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૯/૦૩/૨૦૨૫નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

એસ. ડી. તબિયાર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૨૩/વશી.૧૯૭૭ થી ૨૦૨૯/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં રમઝાન માસ તથા હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૨૨/૦૩/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૦૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૨૪/વશી.૨૦૩૦ થી ૨૦૮૨/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં રમઝાન માસ તથા હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું વિમલ પટેલ, ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨ માં)ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૮/૦૩/૨૦૨૫ થી તા.૨૨/૦૩/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ના ૨૨માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૦૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

વિમલ પટેલ,
ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

વંચાણે લીધુ :-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, વલસાડના પત્ર નં.LIB/જાહેરનામુ/૭૩૪/૨૦૨૫, તા.૧૦/૦૩/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસીબી/એમએજી-૧/Pathik જાહેરનામું/રજી.૨૫/વશી.૨૪૪૬ થી ૨૫૦૫ /૨૦૨૫.-વલસાડ જીલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફ્ટવેરમાં અનિયમિત એન્ટ્રી વિગેરે વિગત જાણવા મળેલ છે.

જે એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકતા હોય છે.

ભુતકાળમાં બનેલ બનાવોના તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોકત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતી અને સલામતી ડહોળવાના પ્રયાસો કરતા હોય છે.

અમુક ઔધોગિક આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે.

જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂર જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે હાલ મોટા શહેરોમાં સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફટવેરમાં ઓનલાઈન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે.

આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે કાર્યરત કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે અને તેનું નિયંત્રણ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ વલસાડ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટુંકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ ખાતેની કચેરીએ જઇ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઇ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓઆ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરવા માટે આથી હુકમ કરૂં છું.

વાસ્તે હું એ.આર.જહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૨/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૫/૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી હુકમ ફરમાવું છું.

સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઇન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ "PATHIK" (Program for Analysis of Traveler and Hotel Informatics) ઇન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ "PATHIK" એપમાં ફરજીયાતપણે ઓનલાઇન કરવાની રહેશે.

-:શિક્ષા :-

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઇન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

-::જાહેરનામું::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ :-

નં.ડીસીબી/એમએજી-૧/સ્થળ-જગ્યા ભાડે/રજી.૨૬/વશી.૨૫૦૬ થી ૨૫૬૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૦/૦૩/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારાષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના-મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક એકમ, ટ્રાન્સપોર્ટ, હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર - વ્યવસાય, ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધિગિક વિસ્તાર તથા રહેણાંક સોસયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે-તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા, આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી. જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના અધાર પુરાવા આધારે પુરાવા વસવાટ કરતા હોઇ જેથી વ્યકિતની ઓળખ કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી, દુકાન, ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરી છે, જેથી ભાડેથી મકાન, ધંધાના એકમો, દુકાન, ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું એ.આર.જહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૦૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન - ૨૦માં આપવાની રહેશે.

૦૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં. હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન - ૨૦ માં આપવાની રહેશે.

૦૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના, તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વાસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા, આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૦૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની, દુકાન, ફેકટરી, ગોડાઉન, ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું, નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૦૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૦૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો.સ્ટેમાં જાણ કરવી.

૦૭. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યે તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.૧૨/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૫/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પો.સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાડી હુકમ બહાર પાડયો.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું ::-

નં.ડીસીબી/એમએજી-૧/રજી.નં.૨૮/વશી.૨૬૪૧ થી ૨૭૦૬/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વલસાડનાઓએ તેઓશ્રીના પત્ર જાવક નં./ ગુજકેટ-પરીક્ષા/૨૦૨૪-૨૫/૮૦૮૪ થી ૮૦૮૫, તા.૦૪/૦૩/૨૦૨૫ થી જણાવ્યા મુજબ વલસાડ જિલ્લામાં આગામી તા.૨૩/૦૩/૨૦૨૫(રવિવાર) ના રોજ યોજાનાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) પરીક્ષા માર્ચ-૨૦૨૫ ની જાહેર પરીક્ષાના સરળ સંચાલન માટે તેમજ પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના શાંતિ અને સલામતી પુર્વક પરીક્ષા આપી શકે તથા બિલ્ડીંગ કંડકટરશ્રીઓ અસમાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે અને તે દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેવા હેતુથી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સરઘસ કાઢવાની તથા સભા ભરવાની તથા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વલસાડની હકુમત હેઠળના નીચે જણાવેલ તમામ પરીક્ષા કેનદ્રની હદ થી ૧૦૦ મીટર ત્રિજયામાં ઝેરોક્ષના મશીનો બંધ રાખવા અને બીન અધિકૃત વ્યકિતઓ તથા ખાનગી વાહનોને પરીક્ષા કેનદ્રમાં પ્રવેશ કરતાં અટકાવવાની મને જરૂર જણાય છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) પરીક્ષા માર્ચ-૨૦૨૫ ની જાહેર પરીક્ષા

તા.૨૩/૦૩/૨૦૨૫ (રવિવાર) ના રોજ યોજાનાર પરીક્ષાના પરીક્ષા કેન્દ્રો

1	BAI AVA BAI HIGH SCHOOL UNIT-1, VALSAD
2	BAI AVA BAI HIGH SCHOOL UNIT-2, VALSAD
3	KUSUM VIDHYALAY, TITHAL ROAD, VALSAD

4	R M V M HIGH SCHOOL
5	MANIBA SARVAJANIK HIGH SCHOOL NEAR KASTURBA HOSPITAL ,VALSAD
6	JAMNABAI SARVAJANIK KANYA VIDHYALAYA,NEAR KASTURBA HOSPITAL , VALSAD
7	G.V.D HIGH SCHOOL, VALSAD
8	BAPS SWAMINARAYAN SCHOOL UNIT - 1 DHARANAGAR ABRAMA , VALSAD
9	BAPS SWAMINARAYAN SCHOOL UNIT - 2 DHARANAGAR ABRAMA , VALSAD
10	C R DESAI SWAMINARAYAN SCHOOL UNIT 1 SWAMINARARAYAN GURUKUL CAMPUS, VALSAD
11	LATE SAMIR D DESAI RASHTRIYA HINDI VIDYALAY, VALSAD
12	SHRI SWAMINARAYAN VIDYALAYA,TARABAUG SOCIETY ,CROSS KAILASH ROAD, VALSAD
13	SHRI SWAMINARAYAN GUJ.MI.MA.SHALA(DAHIBA),DHARANAGAR,ABRAMA VALSAD
14	I P GANDHI SARVAJANIK HIGHSCHOOL,JUJVA, VALSAD
15	D.C.O. SARVAJANIK HIGH SCHOOL, PARDI
16	R J DAMANVALA HIGH SCHOOL, PARDI
17	B R J P HIGH SCHOOL, PARDI
18	SHREE SARASVATI UCHCHTAR MADHYAMIK SHALA ,PONIYA PARDI Pardi
19	BHASKAR DRUTI VIDHYALAY PARDI
20	SHRI VALLABHASHRAM SCHOOL PARDI
21	SHRI VALLABHASHRAM DAY BORDING SCHOOL BEHIND SWADHYAY MANDAL ROAD ,GIRLS RESIDENCIAL CAMPUS,PARDI
22	ASHWAMEGH VIDHYALAY SONDHALWADA CHIVAL ROAD PARDI
23	SUNRISE ENGLISH MEDIUM SCHOOL PARDI
24	DESAI N.D.N. SARVAJANIK HIGH SCHOOL, VAPI
25	UPASANA LIONS ENGLISH MEDIUM SCHOOL,UNIT-I, VAPI
26	SANSKAR BHARTI HIGH SCHOOL VAPI

વાસ્તે, હું એ.આર.જ્હા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂએ ફરમાઉ છું કે,

(૧) વલસાડ જિલ્લામાં ઉકત પરીક્ષા દરમ્યાન ઉપર જણાવેલ તમામ પરીક્ષા કેન્દ્રોની હદથી ૧૦૦ મીટરના વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૨૫(રવિવાર) ના રોજ સવારે ૦૯/૦૦ થી સાંજના ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસ દરમ્યાન ગેરકાયદેસર રીતે ૪ (ચાર) કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી નહી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૨) ઉપરોકત પરીક્ષા સ્થળોના ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં પ્રવેશતા ખાનગી વાહનો તેમજ પરીક્ષાર્થીઓને ગેરરીતીમાં મદદ કરવાના બદ ઈરાદાથી જતી બહારની અનધિકૃત વ્યકિતઓને પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરવો નહી. તેમજ પ્રવેશ કરવાની કોશિશ કરવી નહી. પરીક્ષાર્થી ઉમેદવારની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઇ કૃત્ય કરવું/કરાવવું નહી. પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઇ પણ ચીજવસ્તુ ઈલેકટ્રોનીક આઇટમ,પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલોનું વહન કરવું નહી કે કરાવવામાં મદદગીરી કરવી નહી.

(૩) પરીક્ષાખંડમાં વિધાર્થીઓએ મોબાઇલ કે પરીક્ષામાં ચોરી ગણી શકાય તેવા કોઇ પણ પ્રકારના ઈલેકટ્રીક ઉપકરણો લઇ જવા નહી.

(૪) ઉપરોકત પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં તા.૨૩/૦૩/૨૦૨૫(રવિવાર) ના રોજ સવારે ૦૯/૦૦ થી સાંજે ૧૮/૦૦ કલાક સુધી પરીક્ષાના દિવસો દરમ્યાન ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકાશે નહી.

આ હુકમની નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

૧. લગ્નના વરઘોડાને કે સ્મશાન યાત્રાને કે રેલ્વે/એસ.ટી.માં મુસાફરીમાં જનાર બોનાફાઇડ વ્યકિતઓને તેમજ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ અધિકૃત સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મુકાયેલ કર્મચારીઓ તથા અધિકારીશ્રીઓ.

૩. કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરીક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેવા નિરીક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

આ હુકમથી ઓળખપત્ર વિનાની બિન અધિકૃત વ્યકિતઓને પરીક્ષા સ્થળની અંદર પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કર્યે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર સામે પગલાં લેવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પો.સબ ઈન્સપેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૧૭/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

જાહેરનામું

-:: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે ::-

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી. ૨૭/વશી. ૨૫૬૩ થી ૨૬૨૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૦/૦૩/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકોની સંખ્યા ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્રારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ કાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્રારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી. ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્રારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઈડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું એ.આર.જહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂ છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સ પોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઈલ શોપ, ઈલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં ઈન્ડ સ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં મોટા કદના ઔધોગીક એકમ.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડગ પાર્કિંગ.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા. ૧૨/૦૩/૨૦૨૫ થી તા.૧૦/૦૫/૨૦૨૫ (બંને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પો.સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ: ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી.૨૯/વશી. ૨૭૮૪ થી ૨૮૩૫ /૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં ગુડી પડવો તથા રમઝાન ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૨૩/૦૩/૨૦૨૫ થી તા.૦૬/૦૪/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી વલસાડ અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારિરીક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યકિત.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૪) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૨૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે કાઢેલો

નં.ડીસીબી.એમએજી/જીપીએ/રજી. ૩૦/વશી. ૨૮૩૬ થી ૨૮૮૭/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં ગુડી પડવો તથા રમઝાન ઈદના તહેવારની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ.આર.જૂહા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૨૩/૦૩/૨૦૨૫ થી તા.૦૬/૦૪/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

એ.આર.જૂહા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ - ૩૭(૩) અન્વયે

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૨૪/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ- ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૪/૦૨/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તારઃ- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસોઃ- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદઃ- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ - ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૪/૦૨/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૦૧/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ - ૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો હથિયાર/એસ.આર.-૨૫/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ- ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવી કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:: અપવાદ ::-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૪/૦૨/૨૦૨૫ના કલાક ૦૦.૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૫ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૦૧/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર, અમદાવાદના પત્ર ક્રમાંક:અગાવિ/રા.પ.બોર્ડ/પરીક્ષા/૨૦૨૫/૧૧૫૯ તા.૦૪/૦૨/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નોગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર. ૨૬/૨૦૨૫.-આમુખ- (૧) ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર, અમદાવાદના પત્ર ક્રમાંક:અગ્રાવિ/સ.પ.બોર્ડ/ પરીક્ષા/૨૦૨૫/૧૧૫૯ તા.૦૪/૦૨/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા. ૧૭/૦૨/૨૦૨૫ દરમિયાન ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના ધંધુકા, ધોળકા ટાઉન પો. સ્ટે.અને વિરમગામ ટાઉન પો. સ્ટે.ની હદના કુલ-

૦૪ કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઇપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેનો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઇલેકટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાથી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઇટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઇ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુરાંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૨/૨૦૨૫ દરમિયાન સવારના ૦૭:૦૦ કલાક થી સાંજના ૦૭:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત, ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામાં આવ્યો.

આજ તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું :-

(૧) અત્રેની પરીક્ષા શાખા, કલેકટર કચેરી, અમદાવાદના પત્ર નં.એકઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૧૪૫/૨૦૨૫ તા.૧૪/૦૨/૨૦૨૫.

જાહેરનામું

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૨૭/૨૦૨૫.–આમુખ-(૧)ના પત્રથી અત્રેની, પરીક્ષા શાખા, કલેકટર કચેરી, અમદાવાદના તા.૧૪/૦૨/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, કેન્દ્રીય માધ્યમિક બોર્ડ (CBSE) દ્વારા આગામી તા.૧૫/૦૨/૨૦૨૫ થી તા.૦૪/૦૪/૨૦૨૫ સુધી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા અમદાવાદ જિલ્લાના બોપલ, વિરમગામ ટાઉન, વિરમગામ રૂરલ પો.સ્ટે. હદના કુલ-૦૬ કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પેરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર.

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપહરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/

કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિકાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજજાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક:અગ્રાવી/બોર્ડ/પરીક્ષા/૨૦૨૫/૧૨૭૧-૭૨ તા.૦૩/૦૨/૨૦૨૫.

જાહેરનામું

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૪૨/૨૦૨૫.–આમુખ-(૧)ના પત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના તા.૦૩/૦૨/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમિયાન એસ.એસ.સી/એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ નિયમિત/રીપીટર/ખાનગી/પૃથક ઉમેદવારોની પરીક્ષા અમદાવાદ જિલ્લાના જુદા-જુદા કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજ મોટા મોતા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનીક મિડીયા/વિજાણુ ઉપકરણ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર.

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપહરણો લઇ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી રોજ સવારના ૦૭:૦૦ કલાકથી સાંજના ૦૭:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈરામો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલ્મ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ--૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું :-

(૧) અત્રેની પરીક્ષા શાખા, કલેકટર કચેરી, અમદાવાદના પત્ર નં.એકઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૧૬૬/૨૦૨૫ તા.૧૮/૦૨/૨૦૨૫.

જાહેરનામું

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૪૩/૨૦૨૫.—આમુખ-(૧)ના પત્રથી પરીક્ષા શાખા, કલેકટર કચેરી, અમદાવાદના તા. ૧૮/૦૨/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૨/૦૨/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૦૦ થી ૦૩:૦૦ કલાક દરમિયાન અમદાવાદ જિલ્લાના બાવળા, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા ટાઉન, માંડલ, સાણંદ ટાઉન, વિરમગામ ટાઉન પો.સ્ટે. હદના કુલ-૨૦ કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉકત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા/વિજાણું ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ, પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર.

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપહરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/ કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/ અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી રોજ સવારના ૦૭:૦૦ કલાકથી સાંજના ૦૭:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલ્મ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ- -૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધ્યું:-

પો. ઈન્સ.શ્રી એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./ડાકોર પગપાળા/જાહેરનામું/૧૮૭૨/૨૦૨૫ તા.૦૬/૦૩/૨૦૨૫

જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.

નં.ડીસી/એમએજી/જા.ના./ડાકોર પગપાળા/ડાયવર્ઝન/એસ.આર.૪૮ /૨૦૨૫.—આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ તથા તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ ફાગણી પુનમના તહેવાર નિમિતે ખેડા જિલ્લાના ડાકોર ખાતે પદયાત્રીકો ખુબ જ વિશાલ સંખ્યામાં અમદાવાદ જિલ્લાની હદમાંથી મહેમદાબાદ રોડ ઉપરથી પસાર થતાં હોય જેથી પદયાત્રીકોની સુરક્ષા માટે હાથીજણ સર્કલથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની હદ સુધીના રસ્તાઓ ડાયવર્ટ કરવા તેમજ બંધ કરવાની જરૂરિયાત રહેતી હોય. જેથી હાથીજણ સર્કલથી રાસ્કા ચેકપોસ્ટ સુધીના રોડ ઉપર આવતા ચાર પૈડા કે તેથી વધુ પૈડા ધરાવતા યાંત્રિક વાહનો બંને બાજુથી જતા-આવતા ભારે વાહનો પર, હેરાફેરી પર પ્રતિબંધ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ કલાક 00:00 થી તા.૧૪/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૨૪:૦૦ સુધી કુલ-૦૬ દિવસ માટે પ્રતિબંધિત જાહેરનામું ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)(ખ) મુજબનું પ્રસિધ્ધ કરવામાં આવે છે

આથી હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા.૦૯/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૧૪/૦૩/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવવું છું

ઉપરોકત જાહેરનામાના પ્રતિબંધિત હુકમ દરમ્યાન ટ્રાફિક વ્યવસ્થા નીચે મુજબ ડાયવર્ટ કરવા જાહેર જનતાને સુચના આપવા આવે છે.

પ્રતિબંધિત વિસ્તાર	વૈકલ્પિક રૂટ
હાથીજણ સર્કલથી રાસ્કા ચેકપોસ્ટ સુધીના રોડ	૧. હાથીજણ વિવેકાનંદનગર ગેરતપુર તરફ આવવા જવા માટે - હાથીજણ સર્કલ રીંગ રોડથી રોપડા બ્રીજ થઈ અસલાલી સર્કલ થઈ ખેડા તરફ ૨. બીબીપુરા વાંચ હીરાપુર હરણીયાવ તરફ આવવા જવા માટે - રામોલ અદાણી સર્કલથી બીબીપુરા વાંચ હીરાપુર હરણીયાવ તરફ

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૬/૦૩/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફ્લાય ઝોન/૧૮૫૫/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફ્લાય ઝોન/એસ.આર.૪૭/૨૦૨૫.—આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૦૬/૦૩/૨૦૨૫ ના પત્રથી માન. શ્રી અમિતભાઈ શાહ કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી નાઓ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે રોયલ ક્રિસેટ, જલસા પાર્ટી પ્લોટ, એસ.જી.હાઈવે, થલતેજ અમદાવાદ થી બાય રોડ નીકળી કલાક ૧૦:૪૫ વાગ્યે બોપલ પો. સ્ટે.ની હદમાં આવેલ ઔડા ઓડીટોરીયમ, શેલા ખાતે કાર્યક્રમમાં પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૮:૦૦ થી કલાક ૧૫:૦૦ સુધી બોપલ પો.સ્ટે.ની હદના ઉપરોક્ત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને “NO DRONE FLYING ZONE” તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરુરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને “NO DRONE FLYING ZONE” જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૦૯/૦૩/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણમાં લીધું:-

(૧) પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./પ્રોટ/નો ફ્લાય ઝોન/૨૧૮૦/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/નો ડ્રોન ફ્લાય ઝોન/એસ.આર.૫૧/૨૦૨૫.—આમુખ-(૧) ના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૮/૦૩/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નાઓ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ કલાક ૧૦:૦૦ વાગ્યે ધોલેરા પો. સ્ટે.ની હદમાં આવેલ બાવળીયારી ગામમાં આવેલ સંતશ્રી નગાલાખાબાપાના મંદિરે થનાર કાર્યક્રમમાં પધારનાર છે. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ કરી પરત જવા રવાના થનાર છે.

જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ સવારના કલાક ૦૮:૦૦ થી કલાક ૧૫:૦૦ સુધી ધોલેરા પો.સ્ટે.ની હદના ઉપરોક્ત જણાવેલ કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તારને "NO DRONE FLYING ZONE" તરીકે જાહેર કરવા સબંધિત એરપોર્ટ ઓથોરીટી તરફ જરૂરી સુચના આપવા વિનંતી કરેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ સમયે તથા સ્થળને "NO DRONE FLYING ZONE" જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER / PARA GLIDER), પેરા મોટર (PARAMOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની / કરવાની મનાઈ ફરમાવુ છું.

-:: અપવાદ ::-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો ધ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામામાંથી મુક્તિ આપું છું

-:: વિસ્તાર ::-

બોપલ પો.સ્ટેની હદના ઉપરોકત કાર્યક્રમવાળી જગ્યા તથા તેની ચારેય બાજુના બે કિલોમીટરના એરીયા વિસ્તાર

-:: સમયગાળો ::-

આ જાહેરનામુ તા.૨૦/૦૩/૨૦૨૫ ના સવારના ૦૮:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો કોઈ પણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ રોજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

વંચાણ :-

૧. ચીફ ઓફિસરશ્રી, વિરમગામ નગરપાલિકા ના તા.૧૨/૦૮/૨૦૨૪ ના પત્ર No.VRGNP/0040/08/2024

૨. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૨૧/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક :એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/અભિપ્રાય/૩૮૧૩/૨૦૨૪

૩. અત્રેની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ.આર.નં.૧૦૦/૨૦૨૪

૪. અત્રેની કચેરીના તા.૦૨/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/મુક્તિ/એસ.આર.નં.૦૨/૨૦૨૫

હુકમ :-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/એસ.આર.નં.૫૨/૨૦૨૫ આમુખ-૧ ની વિગતે વિરમગામ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં-૧૩, તા.૧૨/૦૭/૨૦૨૪ થી શહેરના સીટી વિસ્તારોમાં ભારે વાહનોના પ્રતિબંધ માટે દરખાસ્ત કરવા

ઠરાવેલ છે. શહેરના સીટી વિસ્તારમાં ટ્રાફિક તેમજ અકસ્માત બનાવો ન બને તે માટે નગરપાલિકાના ઠરાવ અનુસાર જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઇ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઇ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઇ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલી થી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલી થી કોર્ટ સુધી આ કુલ ૦૬ માર્ગો ઉપર સવારના ૦૭/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે - વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી વિરમગામ સીટી વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જાણતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

આમુખ-૩ થી એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની ૦૬ સ્ટાફ બસને સરદહુ જાહેરનામા માંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

સબબ હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી વિરમગામ સીટીના ઉપરોક્ત સ્થળો ઉપર ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

-:જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર:-

વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઇ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઇ તાલુકા સેવાસદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઇ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજાથી રેલવે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલીથી કોર્ટ સુધી

-:જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં તમામ પ્રકારના મોટા/ભારે ફોરવ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે મીની ટેમ્પો, ટેમ્પો, મીની ટ્રક, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

-:જાહેરનામા મુજબ અપવાદ:-

ઉપરોક્ત પ્રતિબંધિત વિસ્તારોમાં સરકારી વાહનો/ સરકારી કામેપ રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગ માં લેવાતા વાહનો જેવા કે એમ્બુલન્સ, અગ્નિશામક વાહન તેમજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ના ભારે વાહનો કે જે સરકારશ્રી ની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/ બી.પી.એલ/ અંત્યોદયકાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનો, એક્યુલાઈફ હેલ્થકેર, ગામ-સચાણા, તા.વિરમગામ ની આમુખ-૩ થી મુક્તિ આપેલ ૦૬ સ્ટાફ બસો ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહીં. તેમજ આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

-:જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો:-

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ થી તા.૨૦/૦૫/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૭:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

-:જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ:-

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૪૯/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ધાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવી કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

-:અપવાદ:-

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૫૦/૨૦૨૫.–આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર:- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો:- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ:- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત કરી તે અથવા સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરખબર આપીને અથવા આકાશવાણી દૂરદર્શન કેન્દ્ર ઉપર તેનું પ્રસારણ કરી પ્રસિધ્ધિ કરવી અને ગુજરાત સરકારના અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./પરીક્ષા જાહેરનામું/૨૦૯૪/૨૦૨૫ તા.૧૬/૦૩/૨૦૨૫

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામું/પરીક્ષા/એસ.આર.૫૩/૨૦૨૫.–આમુખ-(૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૬/૦૩/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ બપોરે ૧૧:૦૦ થી ૦૧:૩૦ કલાક દરમિયાન અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારના જુદા-જુદા કેન્દ્રો ખાતે કોમન એન્ટ્રસ ટેસ્ટ (CET) પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સૌહાદપુર્ણ વાતાવરણમાં ગેરરીતી કર્યા વગર તેમજ કોઇપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો બંધ રાખવા, પરીક્ષા સ્થળોની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક મિડીયા / વિજાણુ ઉપકરણ લઇ જવા પર પ્રતિબંધ ફરમાવવા તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી નીચે મુજબના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રતિબંધિત વિસ્તાર:

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રીજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ/વિસ્તાર

(૨) ઝેરોક્ષ કેન્દ્રો/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રીજ્યાનો વિસ્તાર

પ્રતિબંધિત કૃત્યો:

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબધિત કામગીરીમાં રોકાયેલ ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બિનધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવા ઉપર

(૨) પરીક્ષા સ્થળે ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, ઈયરફોન કે અન્ય ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ દાખલ થવા ઉપર

(૩) પરીક્ષાર્થીઓની શાંતી અને લેખનકાર્યમાં અડચણ, વિશેષ ધ્યાનભંગ થાય તેવુ કોઈપણ કૃત્ય કરવા/કરાવવા ઉપર

(૪) પરીક્ષા સ્થળે ચોરી કરવા/કરાવવાના હેતુથી પુસ્તક, કાપલીઓ, ઝેરોક્ષ નકલો લઈ જવા ઉપર

(૫) પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/દુકાનો પર ઝેરોક્ષ મશીન, ફેક્સ મશીન પરીક્ષા સમયે ચાલુ કરવા/કરાવવા ઉપર

(૬) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનુ હથિયાર લઈ દાખલ થવા ઉપર

(૭) પરીક્ષા સ્થળની આસપાસના પ્રતિબંધીત વિસ્તારમાં આવેલ પાનબીડીના ગલ્લા તથા ચા-પાણીના કેન્દ્રો પરીક્ષા સમય દરમ્યાન ચાલુ કરવા/કરાવવા ઉપર

(૮) પ્રતિબંધીત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા ઉપર

(૯) પ્રતિબંધીત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર

(૧૦) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવું કોઈપણ સાધન અથવા વસ્તુ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવા

(૧૧) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવા

અપવાદ

આ હુકમ ફરજ પરના પોલીસદળ / હોમગાર્ડના કર્મચારીઓ / અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી / અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

સમયગાળો

આ હુકમ તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ સવારના ૦૯:૩૦ કલાક થી બપોરના ૦૨:૩૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત,૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૧૬૧૨ થી ૧૬૪૦/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૨૬/૦૨/૨૦૨૫ના રોજ મહાશિવરાત્રી તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૧૫૮૩ થી ૧૬૧૧/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાઘન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાઘનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું

નં.એમએજી/ટ્રાફિક ડાયવર્ઝન/વશી.૧૫૨૪ થી ૧૫૪૩/૨૦૨૫.—નાયબ કલેકટરશ્રી, બારડોલી પ્રાંત, બારડોલીના તા.૦૭/૦૧/૨૦૨૫ ના પત્રથી જણાવેલ છે કે, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બારડોલી (મા.અનેમ.) પેટા વિભાગ, બારડોલીના તા.૦૨/૧૨/૨૦૨૪ની દરખાસ્તથી કડોદ કોસાડી રોડ કિ.મી.૦/૦ થી ૧/૬૦૦ રસ્તા ઉપર આવેલ હાઈ લેવલ બ્રીજ અક્રોસ તાપી રીવરની કામગીરી શરૂ કરવામાં આવનાર હોય, સદર બ્રીજ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરી, વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. જે ધ્યાને લઈ ઉપરોક્ત બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

સબબ તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ દરમિયાન ટ્રાફિક નિયમન અંગેની કોઈ સમસ્યાઓ ઉપસ્થિત ન થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ટ્રાફિક નિયમન અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૨૪/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

ક્રમ	વાહનનો પ્રકાર	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	ભારે વાહનો માટે	બારડોલી-કડોદ તરફથી કોસાડી-ઉમરસાડી તરફ આવતા-જતા વાહનો માટે	ઉમરસાડી-કોસાડી-ઉન-પુના રોડ થી SH-65 થઈ માંડવીથી તરસાડા-કડોદ-હરીપુરા (ટી.કે.બી.એસ.એન. રોડ, SH-88)
૨	હલકા વાહનો માટે	કડોદ-કોસાડી રોડ, કિમી ૦/૦ થી ૧/૬૦૦	કડોદ-કોસાડી રોડ, કિમી ૦/૦ થી ૧/૬૦૦, કિમી ૧.૬૦ ના સર્વિસ રોડ પરથી

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, બારડોલી (મા.અને મ.) પેટા વિભાગ, બારડોલીનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ - ૧૬૩ અન્વયે.

નં.એમએજી/CET/વશી.૨૧૩૫ થી ૨૧૫૮/૨૦૨૫.—વર્ષ-૨૦૨૫-૨૬ના શૈક્ષણિક સત્રથી જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કુલસ અને મોડેલ સ્કુલસમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ CET ની પરીક્ષા તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલ/હાઈસ્કુલો) માં લેવામાં આવનાર છે. આ પરીક્ષાઓ સુરત જિલ્લાના

ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલ/હાઈસ્કુલો) માં લેવામાં આવનાર હોઈ, સદરહું પરીક્ષાઓનું સરળ અને સુચારૂ સંચાલન થાય, જાહેર પરીક્ષાની ગુણવત્તા અને વિશ્વસનીયતા જળવાઈ રહે, વિદ્યાર્થીઓ શાંત અને સ્વસ્થ ચિત્તે પરીક્ષાઓ આપી શકે તેમજ સદરહું પરીક્ષાઓ નિર્ભય રીતે મુક્ત વાતવરણમાં યોજાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરીક્ષાના સમય દરમ્યાન અત્રેના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પરીક્ષા કેન્દ્રની આજુબાજુમાં કેન્દ્રોથી ૧૦૦મીટરનાં ઘેરાવાનાં વિસ્તારમાં મોબાઈલ ફોન/ઈલેક્ટ્રીક ડિવાઈઝ લઈ જવા પર કે પરીક્ષાના સમય દરમ્યાન તેના ઉપયોગ પર કે લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટર અંદર પરીક્ષા સમય દરમ્યાન ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ - ૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જિલ્લાના વિસ્તારમાં તા.૨૨/૦૩/૨૦૨૫ના રોજ સામેલ પરિશિષ્ટ મુજબના તમામ પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા/લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળની (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) નીચે મુજબની સુરત ગ્રામ્યની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો તથા આસપાસનો ૧૦૦મીટરનો વિસ્તાર.

CET પરીક્ષા કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક

અ.નં.	તાલુકો	પરીક્ષા કેન્દ્રનું નામ	સરનામું
1.	BARDOLI	MADRESA HIGH & HIGHER SECONDARY SCHOOL	C/O. MADRESA HIGH SCHOOL M.G. ROAD AT & TAL. BARDOLI DI-SURAT
2.	BARDOLI	SHRI M K PATEL MADHYAMIK SHALA	AT & PO. MADHI, TAL. BARDOLI DIST-SURAT
3.	BARDOLI	B.A.B.S. HIGH SCHOOL	LIMDA CHOWK, BARDOLI, TA-BARDOLI DIST-SURAT
4.	BARDOLI	N B PATEL S.V SARAVJANIK HIGH SCHOOL SARBHON	SARBHON TAL - BARDOLI DIST-SURAT
5.	BARDOLI	THE KADOD HIGH SCHOOL	KADOD TAL BARDOLI, DIST-SURAT
6.	KAMREJ	THE K.V. CO.OP & C.J. BHAKTA & D.C.BHAKTA SEC. SCHOOL (RAMKABIR) UNIT-2	KAMREJ DIST-SURAT KAMREJ CHAR RASTA, NAVAGAM, COLLEGE CAMPUS DIST-SURAT
7.	KAMREJ	SHRI V.D. GALIYARA VIDHYALAYA	AT & PO:KATHOR, TA-KAMREJ DIST-SURAT
8.	KAMREJ	DR.A.M.MOOLLA HIGH SCHOOL	KATHOR, TA-KAMREJ DIST-SURAT
9.	KAMREJ	PATEL RAMANBHAI SARVAJANIK VIDYALAYA	AT PO ORNA, TA-KAMREJ DIST-SURAT
10.	KAMREJ	GANGADHRA HIGH SCHOOL	GANGADHARA TAL-PALSANA DIST-SURAT
11.	KAMREJ	SHREE VASISHTHA VIDHYALAYA	N.H. NO-8 AT PO:VAV TA-KAMREJ DIST-SURAT
12.	MAHUVA	G H BHAKTASARVAJANIK HIGH SCHOOL, MAHUVA	AT PO:MAHUVA, DIST-SURAT

13.	MAHUVA	SHREE K L PATEL & SHRI V.M.M SARVAJANIK HIGH SCHOOL	ANAVAL TA MAHUVA DIST SURAT PIN 396510
14.	MAHUVA	B B SARVAJANIK HIGH SCHOOL	KARCHELIA TAL MAHUVA DIST-SURAT
15.	MAHUVA	DHANGAURI SARVAJANIK VIDHYALAYA VALVADA	AT & POST-VALVADA TA-MAHUVA DIST-SURAT
16.	MANDVI	BHAVDARSHAN VIDHYALAY	AT.BORI(RAJPOOT) PO-KASHAL TA-MANDVI DIST-SURAT
17.	MANDVI	JAGRUTI U B VIDYALAYA, ARETH	ARETH VIA:KIM TA-MANDVI DIST-SURAT
18.	MANDVI	THE MANDVI HIGH SCHOOL MANDVI	AT PO MANDVI DIST. SURAT
19.	MANDVI	SHREE SUKHANAND UTTAR BUNIYADI VIDYALAYA BALETHI	VIA:ZANKHVAV TAL MANDVI DIST. SURAT
20.	MANDVI	GNANDEEP HIGH SCHOOL GAMTALAVKHURD	PO:FULWADI TAL MANDVI DIST-SURAT
21.	MANDVI	H.M.Y. KOTWAL SARVAJANIK HIGH SCHOOL	AT PO BODHAN, SURAT MAIN ROAD TA MANDVI DIST-SURAT
22.	MANGROL	SHREE V S PATEL HIGH SCHOOL	TARSADI, KOSAMBA (R S), TAL:-MANGROL, DIST:-SURAT
23.	MANGROL	SALEHJI PATEL MADRESSA HIGH SCHOOL UNIT-1	MOTAMIYA, MANGROL TA-MANGROL DIST-SURAT
24.	MANGROL	SALEHJI PATEL MADRESSA HIGH SCHOOL UNIT-2	MOTAMIYA, MANGROL TA-MANGROL DIST-SURAT
25.	MANGROL	SHRI N D DESAI SARVAJANIK HIGH SCHOOL VANKAL	AT/PO VANKAL (W.R.) TA-MANGROL DIST-SURAT
26.	MANGROL	P.K. DESAI VIDYALAYA, KIM U2	STATION ROAD, KIM, TAL-OLPAD DIST-SURAT
27.	MANGROL	S.P. MADRESSA GIRL'S HIGH SCHOOL	MANGROL TA-MANGROL DIST-SURAT
28.	MANGROL	SHREE SUKHANAND UTTAR BUNIYADI VIDYALAYA BALETHI U2	VIA:ZANKHVAV TAL MANGROL DIST. SURAT
29.	OLPAD	MAHADEV SHASTRI VIDHYALAYA	OLPAD TA OLPAD DIST-SURAT
30.	OLPAD	P.K. DESAI VIDYALAYA, KIM	STATION ROAD, KIM, TAL-OLPAD DIST-SURAT
31.	OLPAD	D.R.G.D. SARVAJANIK VIDYALAYA SAYAN, UNIT 2	AT-SAYAN, TA-OLPAD, DI-SURAT
32.	OLPAD	D.R.G.D. SARVAJANIK VIDYALAYA SAYAN, UNIT 2	AT-SAYAN, TA-OLPAD, DI-SURAT
33.	PALSANA	SARDAR PATEL VIDYALAYA ENA	AT & PO:PALSANA, DIST-SURAT
34.	PALSANA	KALYANJI MEHTA VIDYALAYA, CHALTHAN	TAL PALSANA DIST-SURAT
35.	PALSANA	ST MARKS HIGH SCHOOL	N.H. NO-8 KADODARA KAMREJ ROAD KADODARA CHAR RASTA AT & PO KADODARA, TAL PALSANA DIST-SURAT
36.	PALSANA	SHRI D B HIGH SCHOOL	AT & PO: PALSANA, DIST-SURAT
37.	UMARPADA	SHREE SUKHANAND UTTAR BUNIYADI VIDYALAYA BALETHI U3	VIA:ZANKHVAV TAL MANDVI DIST. SURAT
38.	UMARPADA	ADARSH NIVASHI SHALA(KUMAR) SCHOOL, UMARGOT	AT UMARGOT TA UMARPADA DIST SURAT
39.	UMARPADA	SHANTI NIKETAN HIGH SCHOOL ZANKHVAV	ZANKHVAV DIST SURAT

40.	UMARPADA	VANRAJ HIGH SCHOOL	AT UMARGOT TA UMARPADA DIST SURAT
41.	UMARPADA	ADARSH NIVASHI SHALA(KANYA) SCHOOL, UMARPADA	UMARPADA TAL UMARPADA DIST SURAT

:: અપવાદ ::

(૧) આ હુકમ લગ્નના વરઘોડા, સીનેમા, ટાઉન હોલ, સ્મશાન યાત્રા કે પરીક્ષા વ્યવસ્થામાં ON EXAM DUTY માં સંકળાયેલ તથા પ્રાર્થના સ્થળોએ પ્રાર્થના માટે જતી બોનાફાઈડ વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૨) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની પરવાનગી મેળવીને ભરાતી સભાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૨૨/૦૩/૨૦૨૫ ના કલાક: ૧૧:૦૦ થી ૧૩:૩૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જિલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૨૦૦૭ થી ૨૦૩૫/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરું છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાઘન સાથે લઇ જવું નહી.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાઘનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાઘ વગાડવું નહી.

આ હકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૯/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૨૦૩૬ થી ૨૦૬૮/૨૦૨૫.–સુરત જિલ્લામાં આગામી તા.૩૦/૦૩/૨૦૨૫ના રોજ ચેટીચાંદ, તા.૩૧/૦૩/૨૦૨૫ના રોજ રમજાન ઈદ (સંભવિત) તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-: વિસ્તાર :-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૧૯/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૪/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું ::

નં.એમએજી/હોળી-ધુળેટી/જાહેરનામું/વશી ૧૮૯૨ થી ૧૯૨૪/૨૦૨૫.–આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ હોળી તથા તા.૧૪/૦૩/૨૦૨૪ના રોજ ધૂળેટીના તહેવારની ઉજવણી થનાર છે. સામાન્ય સંજોગોમાં હોળી ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો, તથા રસ્તાઓ ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. તેમજ આ તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા જતા લોકો પાસેથી હોળી-ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવતા, તેઓ ઉપર રંગ, રંગ મિશ્રીત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતા રહેતી હોય છે. આવા કૃત્યો થી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઇજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહીં, જેથી સુરત ગ્રામ્ય (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય) વિસ્તારમાં કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

હોળી-ધુળેટીના તહેવારમાં કોઇ પણ વ્યક્તિ કે ઇસમોએ જાહેર જગ્યાએ આવતા-જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો, વાહનો ઉપર અથવા વાહનોમાં જતા-આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ, સીન્થેટીક રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તેલી તથા આવી બીજી કોઇ વસ્તુઓ નાખવી નખાવવી નહીં અથવા હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહન રોકવા નહીં.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૩/૦૩/૨૦૨૫ કલાક : ૦૦:૦૦ થી તા.૧૫/૦૩/૨૦૨૫ કલાક : ૨૪:૦૦ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::

નં.એમએજી/તહેવાર/વશી.૧૭૪૩ થી ૧૭૭૧/૨૦૨૫.–સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાઘન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ઘકેલવાના શસ્ત્રો અથવા સાઘનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૫/૦૩/૨૦૨૫ થી તા.૧૮/૦૩/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::

નં.એમએજી/જાહેરનામું/વશી.૧૭૭૨ થી ૧૮૦૪/૨૦૨૫.—સુરત જિલ્લામાં આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ હોળી, તા.૧૪/૦૩/ ૨૦૨૫ના રોજ ધુળેટી તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૫/૦૩/૨૦૨૫ થી તા.૧૮/૦૩/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :-

(૧) શ્રી આઈ.એમ.પઠાણ સર્ટી.ઓ.પેનલ વી.એ.ડી.-૨૧ ના તા.૩૧/૧૨/૨૦૨૩ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા.૨૭/૦૩/૨૦૨૪ જા.નં.- ફડચ/૦૧/ધ-૨/૬/૨૪ કારણદર્શક નોટીસ.

(૩) પ્રમુખશ્રી તથા ખજાનચીશ્રીનું તા.૦૮/૦૪/૨૦૨૩ નું નિવેદન.

(૪) અત્રેની કચેરીનો તા.૨૨/૦૭/૨૦૨૪ નો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૪૪/૨૦૨૪

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮

(૬) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ GHKH /51/2005/N.S.B. /12/2002/3011/CH, તા.૨૧/૦૭/૧૧ તથા જા.ના.ક્રમાંક :GHKH/62/2011/NSB/12/2002/3011/CH. તા.૨૬/૦૮/૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૨/૨૦૨૫ ધી મેથોડિસ્ટ ટેકનીકલ સ્ટાફ કર્મચારી ક્રેડીટ સોસાયટી લી. સમા રોડ, વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર :- સે-૨૮૯૧૩, તા.૦૨/૦૯/૧૯૯૬ છે.જેનો હવે પછી આ હુકમમાં '' મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી આઈ.એમ.પઠાન સર્ટી.ઓ. પેનલ નં.વી.એ.ડી.-૨૧ ના તા.૩૧/૧૨/૨૦૨૩ ના પત્ર થી ધી મેથોડિસ્ટ ટેકનીકલ સ્ટાફ કર્મચારી ક્રેડીટ સોસાયટી લી. સમા રોડ, વડોદરા ને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની ભલામણ થઈ આવેલ હતી. તેના આધારે આમુખ-૨ અન્વયે કારણદર્શક નોટીસ આપી મંડળીના કાર્યવાહકોને સુનાવણીમાં હાજર રહી જે કોઈ રજુઆત કરવી હોત તે માટે રજુઆતની તક આપેલ હતી.

સદર સંસ્થાનું તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ઓડીટ તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન ઓડીટશ્રી દ્વારા જાણાવ્યા મુજબ (૧) તપાસણી સમયમાં મંડળીના સભાસદો નિવૃત થવાથી કમી થવાથી તા.૩૧/૦૩/૨૦૨૩ ના અંતે માત્ર ૦૭ (સાત) સભાસદ સંખ્યા રહેલ છે. (૨) તપાસણી સમયમાં મંડળીએ મંજુર થયેલા પેટાનિયમ મુજબ જણાવેલ ઉદ્દેશો પૈકીની કામગીરી અંશતઃ કરેલ છે અને હાલ મંડળી સ્થગીત છે. (૩) મંડળીના કાર્યવાહકોને મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. મંડલીના હોદ્દેદારો દ્વારા અત્રે તા.૨૧/૦૧/૨૦૨૨ ના પત્રથી રજુઆત કરેલ હતી.

આમ સદર મંડળીના હોદ્દેદારોએ ઓડીટર સમક્ષ મંડળીને ફડચામાં લઈ જવા સંમતી આપેલ હોય તેમજ મંડળીના હોદ્દેદારોને સદર મંડળી ચલાવવામાં કોઈ રસ જણાતોન હોય મંડળીને ફડચામાં લઈ જવી હીતાવહ જણાતી હોય. આથી આમુખ-૪ અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. આમ, ઉકત વિગતો ધ્યાનમાં લઈને અત્રેને આમુખ-૫ અને ૬ અન્વયે મળેલ સત્તાને આધિન સદરહુ મંડળીનો ફડચામાં કાયમ રાખવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એન.જી.ચાવડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) હેઠળ આમુખ-૫ તથા ૬ અન્વયે, મને મળેલ સત્તાને આધિન,ધી મેથોડિસ્ટ ટેકનીકલ સ્ટાફ કર્મચારી ક્રેડીટ સોસાયટી લી. સમા રોડ, વડોદરા જેનો નોંધણી નં. સે-૨૮૯૧૩, તા.૦૧/૦૯/૧૯૯૫ છે. જેને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચામા અધિકારી તરીકે, સહકારી અધિકારીશ્રી ફડચા નં.-૩ લગત કાર્યાલયની નિમણુંક આથી કાયમ કરું છું.

(૨) ફડચા અધિકારી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી ૫(પાંચ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો તમામ હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવાં-લ્હેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ, શેરફાળાની ચૂકવણી કરવા સૂચના છે.

વડોદરા, તાઃ ૦૧લી જાન્યુઆરી, ૨૦૨૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી પી.એસ.પટેલ સર્ટીફાઈડ ઓડીટર પેનલ નં.-૧૫૩ વડોદરાના તા.૩૧/૦૩/૨૦૨૩ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીનો તા.૧૪/૦૯/૨૦૨૩ નો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૬૫/૨૦૨૩ કારણદર્શક નોટીસ.

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ GHKH /51/2005/N.S.B. /12/2002/3011/CH, તા.૨૧/૦૭/૧૧ તથા જા.ના.ક્રમાંક :GHKH/62/2011/NSB/12/2002/3011/CH. તા.૨૬/૦૮/૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૩/૨૦૨૫ ધી મેકનલી સયાજી આયર્ન ઉધ્યોગ એમ્પ્લોઈઝ કો-ઓપ.ક્રેડીટ સોસાયટી લી. છાણી રોડ, વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર :- સે-૨૭૪૬, તા.૨૨/૦૨/૧૯૭૧ છે.જેનો હવે પછી આ હુકમમાં '' મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીને આમુખ-૧ થી જણાવ્યા મુજબ નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે શ્રી પી.એસ.પટેલ સર્ટીફાઈડ ઓડીટર પેનલ નં.-૧૫૩ વડોદરા ફડચામાં લઈ જવાની ભલામણ થઈ આવેલ હતી. તેના આધારે આમુખ-૨ મુજબ વચગળાનો હુકમ કરેલ હતો.

સદર સંસ્થાનું તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ઓડીટ તા.૧૦/૧૨/૨૦૨૩ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન ઓડીટશ્રી દ્વારા જાણાવ્યા મુજબ મંડળી હાલ તા.૧૭/૦૧/૨૦૨૨ થી વહિવટદારશ્રી જે.એચ.પાઠક નિવૃતિ અધિકારીશ્રી ના વહીવટ હસ્તક છે. મંડળીનું કાયક્ષેત્ર મેકનલી સયાજી આયર્ન ઉધ્યોગના કર્મચારીઓ પુરતુ છે અને ઓડીટ સમય પહેલા તથા ત્યારબાદ કંપની માંથી કર્મચારીઓ છુટા થતાં તેઓ મંડળીમાંથી પણ રાજીનામા આપી છુટા થયેલ છે. તા.૩૧/૦૩/૨૦૨૩ અંતે મંડળીમાં ફકત-૦૪ સભાસદો રહેલ છે. જે હોદ્દેદારો છે. અને શેર ભંડોળ રૂ.૩૫૦/- તથા ફ. બચત રૂ.૬૮૨૭/- જમાં છે. મંડળીનું કોઈ ધિરાણ બાકી નથી કે, અન્ય કોઈ લહેણા બાકી રહેતા નથી. અને બાકી રહેલ ૦૪ સભાસદોએ સ્વેચ્છાએ કચેરીમાં પત્ર પાઠવી મંડળીને બંધ કરવા કરેલ રજુઆત સંદર્ભે હાલ મંડળીમાં વહીવટદારની નિમણુંક કરેલ છે. મંડળી સને-૨૦૨૧/૨૨ તથા ૨૦૨૨૨૩ માં સ્થગીત અવસ્થામાં છે. સભાસદો નિયમ મુજબ ઓછામાં ઓછા ૧૦ ની જગ્યાએ ૦૪ રહેલ છે. જે મંડળી ચાલુ રાખવા પુરતી નથી.

આમ સદર મંડળીના હોદ્દેદારોએ ઓડીટર સમક્ષ મંડળીને ફડચામાં લઈ જવા સંમતી આપેલ હોય. આથી આમુખ-૨ અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. આમ, ઉકત વિગતો ધ્યાનમાં લઈને અત્રેને આમુખ-૩ અને ૪ અન્વયે મળેલ સત્તાને આધિન સદરહુ મંડળીનો ફડચામાં કાયમ રાખવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એન.જી.ચાવડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) હેઠળ આમુખ-૩ તથા ૪ અન્વયે, મને મળેલ સત્તાને આધિન, ધી મેકનલી સયાજી આયર્ન ઉધ્યોગ એમ્પ્લોઈઝ કો-ઓપ.ક્રેડીટ સોસાયટી લી. છાણી રોડ, વડોદરા જેનો નોંધણી નં. સે-૨૭૪૬ તા.૨૨/૦૨/૧૯૭૧ છે. જેને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારીશ્રી ફડચા નં.-૩ લગત કાર્યાલયની નિમણુંક આથી કાયમ કરું છું.

(૨) ફડચા અધિકારી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી ૫(પાંચ) વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો તમામ હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવાં-લ્હેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ, શેરફાળાની ચૂકવણી કરવા સૂચના છે.

વડોદરા, તાઃ ૦૧લી જાન્યુઆરી, ૨૦૨૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી બી.આર.ભટ્ટ(ઈ.ચા)ઓ.ગ્રેડ-૧ સ.મં.-૧ વડોદરાના તા.૦૬/૦૯/૨૦૨૩ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીનો તા.૧૧/૧૦/૨૦૨૩ નો વચગાળાનો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ધ-૨/૭૭/૨૦૨૩

(૩) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮.

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ GHKH /51/2005/N.S.B. /12/2002/3011/CH, તા.૨૧/૦૭/૧૧ તથા જા.ના.ક્રમાંક :GHKH/62/2011/NSB/12/2002/3011/CH. તા.૨૬/૦૮/૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૪/૨૦૨૫ ધી ગવર્નમેન્ટ રેફરલ હોસ્પીટલ એમ્પ્લોઈઝ કો-ઓપ.ક્રેડીટ સોસાયટી લી.મુ.પો.તા.ડભોઈ, જી.વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર :- સે-૧૫૪૦૨, તા.૦૪/૦૨/૧૯૭૮ છે. જેનો હવે પછી આ હુકમમાં '' મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

સદર ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે,શ્રી બી.આર.ભટ્ટ (ઈન્ચા.) ઓ.ગ્રેડ-૧ સ.મં.-૧ વડોદરા ના તા.૦૬/૦૯/૨૦૨૩ના પત્રથી ધી ગવર્નમેન્ટ રેફરલ હોસ્પીટલ એમ્પ્લોઈઝ કો-ઓપ.ક્રેડીટ સોસાયટી લી.મુ.પો.તા.ડભોઈ, જી.વડોદરાને સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવાની ભલામણ થઈ આવેલ હતી. તેના આધારે આમુખ-૨ મુજબ વચગાળાનો હુકમ કરેલ હતો.

સદર સંસ્થાનું તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ઓડીટ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન ઓડીટશ્રી દ્વારા જાણાવ્યા મુજબ મંડળીનું કાયક્ષેત્ર ધી ગવર્નમેન્ટ રેફરલ હોસ્પીટલ ડભોઈના કર્મચારીઓ પુરતુ છે અને ઓડીટ સમય પહેલા તથા ત્યારબાદ રેફરલ હોસ્પીટલ માંથી કર્મચારીઓ છુટા થતાં તેઓ મંડળીમાંથી પણ રાજીનામા આપી છુટા થયેલ છે. તા.૩૧/૦૩/૨૦૨૩ અંતે મંડળીમાં ફકત -૦૭ સભાસદો રહેલ છે. જે હોદ્દેદારો છે. અને શેર ભંડોળ રૂ.૩૭૩૦૦/- તથા ફ.બચત રૂ.૯૩૭૦૦/- જમાં છે. મંડળીનું કોઈ ધિરાણ બાકી નથી કે, અન્ય હોઈ લહેણા બાકી રહેતા નથી. અને મંડળીના હોદ્દેદારો તથા સભાસદો દ્વારા તા.૨૩/૦૭/૨૦૨૧ ની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ નં.૦૨ થી સોસાયટીને ચલાવવામાં કોઈ રસ ન હોય સોસાયટી બંધ કરવા સર્વાનુમતે ઠરાવ કરેલ છે. મંડળી સને-૨૦૧૯ થી ૨૦૨૩ માં સ્થગીત અવસ્થામાં છે. સભાસદો નિયમ મુજબ ઓછામાં ઓછા ૧૦ ની જગ્યાએ ૦૭ રહેલ છે. જે મંડળી ચાલુ રાખવા પુરતી નથી.

આમ સદર મંડળીના હોદ્દેદારોએ ઓડીટર સમક્ષ મંડળીને ફડચામાં લઈ જવા સંમતી આપેલ હોય. આથી આમુખ-૨ અન્વયે સદર મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો. આમ, ઉકત વિગતો ધ્યાનમાં લઈને અત્રેને આમુખ-૩ અને ૪ અન્વયે મળેલ

સત્તાને આધિન સદરહુ મંડળીનો ફડચામાં કાયમ રાખવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અંતિમ હુકમ

આથી હું એન.જી.ચાવડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) હેઠળ આમુખ-૩ તથા ૪ અન્વયે, મને મળેલ સત્તાને આધિન, ધી ગવર્નમેન્ટ રેફરલ હોસ્પીટલ એમ્પ્લોઈઝ કો-ઓપ. ક્રેડીટ સોસાયટી લી.મુ.પો.તા.ડભોઈ, જી.વડોદરા જેનો નોંધણી નં. સે-૧૫૪૦૨ તા.૦૪/૦૨/૧૯૭૮ છે. જેને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારીશ્રી ફડચા નં.-૩ લગત કાર્યાલયની નિમણુંક આથી કાયમ કરું છું.

(૨) ફડચા અધિકારી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પાંચ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો તમામ હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવાં-લ્હેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ, શેરફાળાની ચૂકવણી કરવા સૂચના છે.

વડોદરા, તાઃ ૦૧લી જાન્યુઆરી, ૨૦૨૫.

વંચાણે લીધા :-

(૧) શ્રી સ્પે.ઓ.મિલ્ક વર્ગ-૧ મિલ્ક ઓડીટ ઓફીસ વડોદરાના તા.૨૦/૦૯/૨૦૨૩ ના પત્રથી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવાની દરખાસ્ત.

(૨) અત્રેની કચેરીના તા.૨૦/૧૦/૨૦૨૩ જા.નં.-ફડચ/૦૧/ ધ-૨/૮૨/૨૦૨૩ કારણદર્શક નોટીસ

(૩) અત્રેની કચેરીના તા.૦૮/૧૧/૨૦૨૩ જા.નં.-ફડચ/૦૧/ ધ-૨/૮૬/૨૦૨૩ કારણદર્શક નોટીસ

(૪) અત્રેની કચેરીનો તા.૨૨/૦૭/૨૦૨૪ વચગાળાનો હુકમ ક્રમાંક : -ફડચ/૦૧/ધ-૨/૪૩/૨૦૨૪

(૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને ૧૦૮.

(૪) સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ GHKH /51/2005/N.S.B. /12/2002/3011/CH, તા.૨૧/૦૭/૧૧ તથા જા.ના.ક્રમાંક :GHKH/62/2011/NSB/12/2002/3011/CH. તા.૨૬/૦૮/૨૦૧૧.

પ્રસ્તાવના

જાવક નંબર ફડચ/૦૧/ધ-૨/૫/૨૦૨૫ ધી અલિન્દ્રા દુધ ઉત્પાદક સહ. મંડળી લી.મુ. અલિન્દ્રા, તા.સાવલી, જી.વડોદરાએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલી સહકારી મંડળી છે. જેનો નોંધણી નંબર :- સે-૨૭૩૩૬, તા.૦૧/૦૧/૨૦૦૭ છે. જેનો હવે પછી આ હુકમમાં '' મંડળી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

મજકુર મંડળીને આમુખ-૧ થી જણાવ્યા મુજબ નીચે જણાવેલ કારણોસર ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે સ્પેશિયલ ઓડીટર વર્ગ-૧ મિલ્ક ઓડીટ ઓફીસ વડોદરાએ કરેલ દરખાસ્ત અન્વયે ફડચામાં લઈ જવાની ભલામણ થઈ આવેલ હતી. તેના આધારે આમુખ-૨અને ૩ અન્વયે કારણદર્શક નોટીસો આપી મંડળીના કાર્યવાહકોને સુનાવણીમાં હાજર રહી જે કાંઈ રજુઆત કરવી હોય તે માટે રજુઆતની તક આપેલ છે.

સદર સંસ્થાનું તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ઓડીટ તા.૨૮/૦૮/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. ઓડીટ દરમ્યાન ઓડીટશ્રી (૧) મંડળીના સને-૨૦૧૮ થી ૨૦૨૦ સુધીના ઓડીટ નોંધની આજદીન સુધી દુરસ્તી કરવામાં આવેલ નથી અને કલમ-૮૫ નો ભંગ થયેલ હોવાનું જણાય છે. (૨)મંડળીને સને-૨૦૨૦ પછી વ્ય.કમીટીની મીટીંગ તથા વા.સાધારણ સભા મળેલ નથી. જેથી પેટાનિયમ -૩૩ અને કલમ-૭૭ નો ભંગ કરેલ છે. (૩) મંડળીનો છેલ્લા ત્રણ વર્ષનો ''ડ'' વર્ગ છે. (૪) મંડળીની અગાઉની ઓડીટ નોંધમાં મંડળી ચાલુ કરવા તથા દુધ ભરવા અંગે મંડળીને સુચન કરેલ છે. પરંતુ મંડળીના કાર્યવાહકોને મંડળી ચાલુ કરવાની પ્રવૃતિમાં કોઈ રસ ન હોય તેમ જણાય છે.

આમ સદર મંડળીના હોદ્દેદારો/સભાસદો મંડળી તેના પેટાનિયમ તથા સહકારી કાયદા કાનુન મુજબ કાર્યરત રાખવામાં તથા તેનુ પાલન કરવામાં કોઈ રસ જણાતો નથી. જે અન્વયે આમુખ-૧ થી મંડળીને સહકારી કાયદાની કલમ-૧૦૭ મુજબ ફડચામાં લઈ જવાની અત્રેને દરખાસ્ત મળેલ હોઈ અત્રેથી આમુખ-૨ અને ૩ મુજબ એક કાર્યણદર્શક નોટીસ આપેલ. પરંતુ સદર મંડળીના હોદ્દેદારો હાજર રહેલ ન હતાં કે અન્ય કોઈ રજુઆત કરેલ નથી. આમ, સદર મંડળીને ફડચામાં લઈ જતાં પહેલા જે કાંઈ રજુઆત કરવી હોય કે વાંધો હોય તે બાબતે રજુઆત કરવાની સંપુર્ણ તક આપવામાં આવેલ છે. પરતું મંડળી તરફથી કોઈ રજુઆત ન થતાં મંડળીને આમુખ-૪ અન્વયે ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હતો.આમ, ઉકત વિગતો ધ્યાનમાં અત્રેને આમુખ-૫ અને ૬ અન્વયે મળેલ સત્તાને આધિન સદરહું મંડળીનો આમુખ-૪ નો જણાવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવાનો થાય છે. આથી સદરહું મંડળીને ફડચામાં કાયમ રાખવાનો આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે

અંતિમ હુકમ

આથી હું એન.જી.ચાવડા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, વડોદરા, ધી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(ક)(ગ)(૨)(૪) હેઠળ આમુખ-૫ તથા ૬ અન્વયે, મને મળેલ સત્તાને આધિન, ધીઅલિન્દ્રા દુધ ઉત્પાદક સહ. મંડળી લી. મુ. અલિન્દ્રા, તા.સાવલી, જી.વડોદરા જેનો નોંધણી નં. સે-૨૭૩૩૬ તા.૦૧/૦૧/૨૦૦૭ છે. જેને આથી ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને ફડચા અધિકારી તરીકે, સહકારી અધિકારીશ્રી ફડચા નં.-૩ લગત કાર્યાલયની નિમણુંક આથી કાયમ કરું છું.

(૨) ફડચા અધિકારી સદરહુ મંડળીની ફડચાની કાર્યવાહી પાંચ વર્ષની મુદતમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) ફડચા અધિકારીએ સદરહું મંડળીનો તમામ હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવાં-લ્હેણાંની ખાતરી કરી, સૌ પ્રથમ સરકારી બાકી લ્હેણાં, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ દંડનીય વ્યાજ, શેરફાળાની ચૂકવણી કરવા સૂચના છે.

વડોદરા, તાઃ ૦૧લીજાન્યુઆરી, ૨૦૨૫.

એન.જી.ચાવડા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, વડોદરા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 16:30:05 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara